ગીતસંગ્રહ

પ્રકાશક
ચરોતર એજ્યુકેશન સોસાયટી
આણંદ

સ્વ. અમ્બાલાલ કાળીદાસ પટેલ સ્મારક

ગીતસંગ્રહ

સંગ્રાહક

સીતારામ નથુભાઇ

પ્રકાશક

ચરોતર એજ્યુકેશન સોસાયટી

આણંદ

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦ : ૧૯૮૩
બીજી આવૃત્તિ : પ્રત ૨૦૦૦ : ૧૯૮૪

સૂચના

પાટીદાર જ્ઞાતિની બ્હેનો માટે 'ગીતસંગ્રહ' ની કિમ્મત એક આનો અને બીજી જ્ઞાતિની બ્હેનો માટે બે આના રાખવામાં આવી છે. જેમને પોસ્ટથી આ સંગ્રહ મંગાવવો હોય તેવી પાટીદાર બ્હેનોએ બે આનાની અને બીજી બ્હેનોએ ત્રણ આનાની ટિકિટો મોકલી આપવી.

મુદ્રણસ્થાન : આદિત્ય મુદ્રણાલય : રાયખડ રોડ : અમદાવાદ
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક

નિવેદન

કવિશ્રી ન્હાનાલાલ સાચું જ કહે છે કે "ગુર્જર સુન્દરીના ગરબા ભરતખંડમાં અનુપમ છે, જગતભરમાં અનુપમ છે" પહેલાં શરદની મીઠી ચાંદનીમાં અને વસંતની શીળી જ્યોત્સ્નામાં ગામડાંનાં નરનાર ગરબા અને રાસથી ખેતીનો થાક ઉતારતાં. જીવનસંગ્રામની મુશીબતો તે વખતે આજના જેવી નહોતી અને પ્રજામાં ઉલ્લાસ હતો એટલે ગરબા અને રાસ આપોઆપ પ્રજાજીવનમાં ઓતપ્રોત થઇ ગયાં હતાં.

પણ આજે શું? જીવનની હાડમારીઓ વધી છે. સ્ત્રીઓનાં શરીર અનેક કારણોને લઇને દુર્બળ બન્યાં છે; પુરુષોના શરીરમાં પહેલાંના જેટલી તાકાત રહી નથી. પ્રજાજીવન અનેક ચિન્તાઓથી ગુંગળાઈ જતું દેખાય છે. પ્રજામાં પહેલાંના જેવો ઉલ્લાસ નથી અને તેથી નિર્દોષ વિનોદો વિસારે પડતા ગયા છે અને પરિણામે કવિ ખબરદાર કહે છે તેમ "આપણા ગરબાઓની હૈયા હલાવતી હીંચ તથા આપણા રાસડાઓની તાલભર છલંગો ભૂલાતી અને નિર્માલ્ય થતી ગઇ, આપણું કંઠસ્થ સાહિત્ય, આપણી અનુભવરસિક લોકકથા, આપણાં ગૃહભાવફૂળાં લોકગીત વગેરે સર્વ ધીરે ધીરે અદૃશ્ય થતું ચાલ્યું."

સમાજની સંસ્કૃતિ જાણવાનું અને સાચવવાનું એક સાધન તેનું કંઠસ્થ સાહિત્ય છે. એ સાહિત્ય ચાંદનીમાં વારતહેવારે અને ખાસ કરીને નવરાત્રિમાં ગવાતા ગરબા અને રાસથી આજ સુધી ગૂજરાતમાં સચવાઇ રહ્યું પણ ચિન્તાઓ વધવાને લીધે એ વિનોદ-પ્રસંગો પ્રજાજીવનમાં ઓછા થતા ગયા અને તેથી એ કંઠસ્થ સાહિત્ય પણ વિસરાતું ચાલ્યું.

હિન્દમાં નવયુગની ઉષા ઉગી છે એટલે હવે પ્રજાના મૃતપ્રાય થયેલા એ વિનોદપ્રસંગો સજીવન કરવાના પ્રયત્નો સ્થળે સ્થળે થઇ રહ્યા છે. એ નૂતન હિન્દને અનુકૂળ થાય ત્હેવા ગરબા અને રાસ પ્રજાજીવનમાં ફરીથી પોતાનું સ્થાન લઇ હિન્દના ભાવી જીવનને રસાળ કરે અને લુપ્ત થતા નિર્દોષ વિનોદ અને સંગીત પ્રસંગો પાછા સજીવન થાય એ હેતુથી સ્ત્રીઓને ઉપયોગી આ સંગ્રહ સ્વ. અંબાલાલ કાળીદાસ પટેલ સ્મારક ફંડ-માંથી ટ્રસ્ટ ફંડની શરતો પ્રમાણે પાટીદાર જ્ઞાતિના હિત માટે પ્રકટ કરવામાં આવ્યો છે.

'ગીતસંગ્રહ'ની પ્હેલી આવૃત્તિ ગઇ સાલ પ્રકટ કરવામાં આવી હતી પણ ટુંક મુદતમાં જ તે વ્હેંચાઈ ગઇ એટલે આ વર્ષે ત્હેમાં સુધારા વધારા કરેલી આ બીજી આવૃત્તિ પ્રકટ કરવામાં આવે છે.

જે જે કવિઓનાં ગીત આ સંગ્રહમાં પ્રકટ કરવામાં આવ્યાં છે તે સહુનો આભાર માનવાની આ તક લઉં છું.

ચરોતર એજ્યુકેશન સોસાયટી,
આણંદ, દુર્ગાષ્ટમી, ૧૯૮૪

આશાભાઈ નરસિંહભાઇ પટેલ
સેક્રેટરી

અનુક્રમણિકા

ગીતસંગ્રહ

સખીઓને સંબોધન

૧

આવો આવોને સખિઓ ! આજ રસતાળી પાડી,
કાંઇ ગજવો આપણી બ્હેન ! આ ગુર્જરી વાડી.

હરિણી શી ચંચળ વાન, નાજુક ને નમણી,
ફૂલની કળી સમ સુકુમાર સૂરતની રમણી !

છબિ છટાભરી, સોહાગ તપે મુખ, મુગ્ધઉરા,
શુભ વડોદરાની વેલ સરિખી એ ચતુરા !

રૂડી ઠરેલ બુદ્ધિ વિશાળ સમજુ ને શાણી,
મુજ અમદાવાદની બ્હેન ! ઘરરખુ એ ગૃહિણી !

નિજ ઉરના વિવિધ વિલાસરંગે રંગેલી
મુંબઇની મોહનરૂપ સખિ ! ઓ અલબેલી !
અમૃતશા મીઠા બોલ, પણ જ્ઞાને અધુરી,
ઓ કોકિલકંઠી નાર હાલારની મધુરી !
છો સુંદર રસિક ઉદાર, સહુ ભગિની આવો,
ગુર્જર જનનીની જેહ કુંવરીઓ કહાવો.
જ્યાં સિંહણ નિજ સન્તાન ધવરાવે જાળે,
જ્યાં સાગર ઉછળે નીર મોતીની પાળે;
જ્યાં પ્રેમભક્તિનાં ગાન ભક્તજને ગાયાં,
જ્યાં સ્થળ સ્થળમાં ઇતિહાસ શૂરના સોહાયા;
એ અદ્ભુત દેશની બાળ, સ્મરીને વીર સતી,
સૌરાષ્ટ્ર તણી સન્નાર ! પધારો ભાવવતી.
તેજસ્વી, મદડોલન્ત, જલની લક્ષ્મી જશી,
આવોને કચ્છના કોડભરેલી યુવતી ! હસી.
આવો આવોને સાહચર ! આજ રસટહુકે ગુંજો,
કંઇ ગજવો ગમતે ગીત નિજ ગુર્જરી કુંજો.
આ તમ કાજે ભરી છાબ ગીતનાં ફૂલડાંની,
લ્યો સત્કારો રત્નબાળ ! એટલી મહેમાની.
છે મુજ કુલની એ રીત, તાતે શિખવી ભલી,
લ્યો, ચરણ ધરૂં છું બ્હેન, વીરની વીરપસલી.

રાસ, ભા. ૧ લો ન્હાનાલાલ

રાસમન્દિરે

૨

બ્હેનાં ! પધારો રાસમન્દિરે લોલ,
રાસના વિલાસ અણમૂલ જો !
બ્હેનાં ! પધારો રાસમન્દિરે રે લોલ.

મન્દિર શણગાર્યું સ્નેહ ફૂલડે રે લોલ;
સુન્દર છે શબ્દ સુવાસ જો !
બ્હેનાં ! પધારો રાસમન્દિરે રે લોલ.

ઝુલે તોરણ સૂર તાલનાં રે લોલ;
ઝળકે માણેકય સમ ભાવ જો !
બ્હેનાં ! પધારો રાસમન્દિરે રે લોલ.

નીતિ કુંકુંમ ભર્યું આંગણું રે લોલ;
પૂરી રંગોળી સદ્બોધ જો !
બ્હેનાં ! પધારો રાસમન્દિરે રે લોલ.

આશા ભરી મ્હારી બ્હેનડી રે લોલ;
આશા ભર્યાં મારા રાસ જો !
બ્હેનાં ! પધારો રાસમન્દિરે રે લોલ.

રાસમન્દિર રાયચુરા

મહાદેવજીનો ગરબો

૩

પીતળને લોટા રે ઉમિયા જળે ભર્યો રે લોલ,
દાતણ કરશે પારવતીનો કંથ, ગરબો રે ગાઈએ રે
શિવ મહાદેવનો રે લોલ.
ત્રાંબા ને કુંડીઓ રે ઉમિયા જળે ભરી રે લોલ,
નાવણ કરશે પારવતીનો કંથ, ગરબો રે ગાઈએ રે૦
ચીનાઈ ને પ્યાલા રે ઉમિયા તેલે ભર્યો રે લોલ,
મરદન કરશે પારવતીનો કંથ, ગરબો રે ગાઈએ રે૦
રાંધીને રસોઈયો ઉમિયા થાળે ભરી રે લોલ,
ભોજન કરશે પારવતીનો કંથ, ગરબો રે ગાઈએ રે૦
પાન ને સોપારી ઉમિયા એલચી રે લોલ,
મુખવાસ કરશે પારવતીનો કંથ, ગરબો રે ગાઈએ રે૦
ઢાળ્યા રે ઢોલિયા ઉમિયા અતિ ઘણા રે લોલ,
પોઢણ કરશે પારવતીનો કંથ, ગરબો રે ગાઈએ રે૦

સાત સમુદ્રની વાલે ગોળી રે કીધી

૪

સાત સમુદ્રની વાલે ગોળી રે કીધી,
મેરૂ પર્વત રવાયો રે લોલ,
આજ મારે વલોણાવાર છે રે લોલ.
માતા જસોદાજી તમારા કા'નને,
મહીડાં વલોવવાને મેલો રે લોલ. આજ૦

એક કોર કા'નજી કાળા વલોવે,
બીજી કોર રાધિકાજી ગોરાં રે લોલ. આજ૦
ભલે મળ્યો મ્હેતા નરસૈંનો સ્વામી,
ગોપિયું આનંદ પામી રે લોલ. આજ૦

હાંરે દાણ માગે

૫

હાંરે દાણ માગે રે દાણ માગે,
હાંરે તારી મીઠડીના બોલ બાણ વાગે રે. દાણ માગે૦
હાંરે કા'ન કીયા મુલકનો સુબો,
હાંરે કા'ન મારગ વચ્ચે ઉભો રે. દાણ માગે૦ ૧
હાંરે કા'ના કીયા મુલકનો રશિયો,
હાંરે મારા મારગ વચ્ચે વશિયો રે. દાણ માગે૦ ૨
હાંરે કા'ન કીયા મુલકનો દાણી,
હાંરે કા'ન મારી નવરંગ ચુંદડી તાણી રે. દાણ માગે૦ ૩
હાંરે કા'ન કીયા મુલકનો મ્હેતો,
હાંરે કા'ન મારગ વચ્ચે રહેતો રે. દાણ માગે૦ ૪
હાંરે કા'ન જળ જમુનાને આરે,
હાંરે એમાં કોણ જીતે ને કોણ હારે રે. દાણ માગે૦ ૫
હાંરે કા'ન નથી સાકર નથી મેવા,
હાંરે ખાટી છાશમાં શું આવ્યો લેવા રે, દાણ માગે૦ ૬
હાંરે મ્હેતા નરસૈંના સ્વામીને વારી,
હાંરે ગો ગોવાળીઆમાં ચારી રે. દાણ માગે૦ ૭

૬

પ્રણય-કલહ

૬

પ્રભુજી વનમાં ચારે ધેન, વગાડે રૂડી વાંસળી રે લોલ
રાધા ગોરી ભાતડીયાં લઇ જાય, ચલાણે ચોળ્યાં ચૂરમાં રે લોલ
પ્રભુજી કયાં રે ઉતારૂં ભાત કે કયાં બેસી જમશો રે લોલ
રાધા ગોરી આસોપાલવને ઝાડ કે ફરતી છાંયડી રે લોલ
રાધા ગોરી ત્યાં ઉતારો ભાત કે ત્યાં બેસી જમશું રે લોલ
રાધા ગોરી ડુંગર ચડીયલ ધેન કે ધેન પાછી વાળજો રે લોલ
પ્રભુજી તમારી ચારેલ ધેન કે અમ થકી નહિ વળે રે લોલ
પ્રભુજીને ચટકે ચડીયલ રીસ કે જમતા ઉઠીયા રે લોલ
મારી મારી અવળી સવળી ઠોંઠ કે ડાબા પગની મોજડી રે લોલ
રાધાજીને ચટકે ચડીયલ રીસ કે ભોગળ ભીડીયાં રે લોલ
ઝીણા ઝરમર વરસે મેધ પ્રભુ ભીંજાય બારણે રે લોલ
રાધા ગોરી ઉઘાડો જોડ કમાડ પ્રભુ ભીંજાય બારણે રે લોલ
જાવ જાવ માનેતીને મો'લ કે આંહી શીદ આવીયા રે લોલ
જાશું જાશું માનેતીને મો'લ કે પછી થાશે ઓરતા રે લોલ
પ્રભુજીને આંગણ ઉંડી કુઇ કે કંકર નાંખીયા રે લોલ
ધબકે ઉઘડયાં જોડ કમાડ કે પ્રભુની ગોતે નીસર્યાં રે લોલ
કોઇ મને દેખાડો દીનાનાથ કે આપું વધામણી રે લોલ
આપું આપું હૈડા કેરો હાર કે માથા કેરી દામણી રે લોલ.

હરિ વેણુ વાય છે

૭

હરિ વેણુ વાય છે, રે હો વનમાં,
તેનો પ્રેહ વાધ્યો, મારા તનમાં;
ચિત્તડામાં ચટપટી, રે હો લાગી,
જીવણ જોવાને હું જાગી.

રસિયાજીને રે હો રાગે,
વ્યાકુળ કીધાં છે વૈરાગે;
ગતમત ભૂલી રે હો ગડની,
વનમાં વાંસળી વાગી પ્રેહની.

સેંથે કાજળ, રે હો સાર્યાં,
પ્રેહમાં બાળકને રે વિસાર્યાં;
ધીરજ ટળિયાં રે હો ધ્યાને,
કંકણ નેપુર પેહર્યાં કાને.

પ્રીતે પરવશ, રે હો કીધાં,
લજ્જા લોપી, મન હરી લીધાં;
વાલમ બોલ્યા, રે હો વનમાં,
મુખહાસ મહાસુખ, પામ્યા મનમાં;
હરિ વેણુ વાય છે, રે હો વનમાં.

મારા પ્રભુજીને પાંચસેં પાંકડાં

૮

મારા પ્રભુજીને પાંચસેં પાંકડાં,
નવસેં ધેનુ દુજે, એલા નંદના ગોવાળી.

શેમાં દોશું ને શેમાં વલોશું,
શેમાં છાશું કરશું, એલા નંદના ગોવાળી.

સાત સમદર ગોળી રે કીધી,
માંકડી કીધી ચંદનની, એલા નંદના ગોવાળી.

નવકુળ નાગનાં નેતરાંરે કીધાં,
મેરૂ કીધો રવાયો, એલા નંદના ગોવાળી.

હું રે નાનકડી વલોણું ભારે,
એકલડી કેમ તાણું, એલા નંદના ગોવાળી.

સાસુ તે મારી ગામ સધાવ્યાં,
નણદલી રીસાણાં, એલા નંદના ગોવાળી.

માતા જશોદા કાનુડાને મેલો,
મહીડાં વલોવાં મારાં, એલા નંદના ગોવાળી.

મારો તે કાન ગોપી બાળો ને ભોળો,
મહીડાંની વાત શું જાણે, એલા નંદના ગોવાળી.

એક કોર કા'નજી કાળા વલોવે,
એક કોર રાધકાજી ગોરાં, એલા નંદના ગોવાળી.

હળવે હળવે નેતરાં તાણો કાનાજી,
નંદવાશે મારી ગોળી, એલા નંદના ગોવાળી.

નંદવાશે ગોળી, મારી ચોળી છંટાશે,
નવરંગ ચુંદડી ભીંજાશે, એલા નંદના ગોવાળી.
એટલું કીધું, ને કા'ન રીસાઇ ચાલ્યા,
જઇ વનરાવન વસ્યા, એલા નંદના ગોવાળી.
ચાલો દેરાણી, ચાલો જેઠાણી,
કા'ન મનાવાને જઇએ, એલા નંદના ગોવાળી.

આ શો રૂડો બંસી બટનો ચોક

૯

આ શો રૂડો બંસી બટનો ચોક કે
મળી મહી વેચવા રે લોલ.
મારગ મળિયા મારા નાથ કે,
મુજને આંતરી રે લોલ.
ફોડયાં મારાં મહીનાં માટ કે,
ગોરસ ઢોળીયાં રે લોલ.
ગોપી ચાલી નંદદરબાર કે,
ગોકુળ ગામની રે લોલ.
વારો જશોદા તમારા કા'ન કે,
નિત આડી કરે રે લોલ.
ફોડયાં મારાં મહીનાં માટ કે,
ગોરસ મારાં ઢોળીયાં રે લોલ.
જશોદાને ચટકે ચઢીએલ રીસ કે,
લટકે નીસર્યાં રે લોલ.

હાથમાં લીધી કરેણુની સોટી કે,
કૃષ્ણ કદંબ ચઢયા રે લોલ.
ઉતરો ઉતરો મારા બાળ કે,
કહું એક વિનતિ રે લોલ.
માતા જશોદા તમારી આણુ કે,
ગોપી સર્વે જુઠડી રે લોલ.

મોહન માયા લગાડી

૧૦

હો કનૈયાજી રે, અમને, મોહન માયા લગાડી અલબેલા:
વનમાં વેણુ વગાડી અલબેલા, હો કનૈયાજી રે૦
બંસી બટ પનઘટ નિકટ, ગટ યમુના યદુવીર
નાચે નટવર નંદના, હરિ હળધરના વીર
લીલી લવિંગ લતા શોભતીજી રે.
લીલાં વન વૃક્ષવેલ વાડિયે જી રે, મારા વાલાજી—લીલી૦
ચાલો સખી જઇએ ત્યાં જયાં વસે વ્રજરાજ,
નીર ભરંતાં પ્રભુ મળે એક પંથ બે કાજ.
રસિયાજી રાસ રમાડો રે અમને રસિયાજી રાસ રમાડો
સમી રે સંધ્યાની આવી સરીખી સાહેલી
આનંદ અંગ પમાડો રે અમને રસિયાજી રાસ રમાડો.
બંસી બટ સમ બટ નહિ, નંદ ધામ સમ ધામ,
વૃંદાવન સમ વન નહિ, કૃષ્ણ નામ સમ નામ.

કા'નજીને માથે મણી જડયાં મોળીયાં રે,
તારા મોળીયાનો બડો બડો ઠાઠ
ખમા ખમા રૂપાળા કા'નને,
કા'નજીને કાને કુંડળ હૈયે હાર
ખમા ખમા લટકાળા કા'નને—હો કનૈયાજી રે૦

ગેડી દડે

૬૧

સોનલા ગેડીને રૂપલા દડુલીયો રે
કાન કુંવર ગેડાં દડે રમવા જાય !

ડુંગરે ચડીને દડુલો દોટ વીગો રે
જઇ પડયો જળ–જમના ભરપૂર

જમનાજીને કાંઠે કદંબ કેરાં ઝાડવાં રે
ઝાડવે ઝાડવે કાળા નાગ !

ઝાડવે ચડીને નાગ ઝઝેડીયા રે
આ તે કયાંથી નાનાં બાળ !

કાં તો તારી માતાએ તને મારીયો રે
કાં તો તારે દાદે દીધી ગાળ !

કાં તો તારે ભાઇબંધે તને ભોળવ્યો રે
કાં તો તારા વેરીએ બતાવી વાટ !

કાં તો તું ભાલમાંથી ભૂલો પડયો રે
કાં તો તારો લપટયો ડાબો પગ
કાં તો તારા છોરૂડે છંછેડીયો રે
કાં તો તારા ઘરમાં નાર કજાત.
નથી મારી માતાએ મને મારીઓ રે
નથી મારા દાદે દીધી ગાળ.
નથી મારા ભાઇબંધે મને ભોળવ્યો રે
નથી મારા વેરીએ બતાવી વાટ.
નથી હું તો ભાલમાંથી ભૂલો પડયો રે
નથી મારો લપટયો ડાબો પગ.
નથી મારાં છોરૂડે છંછેડીયો રે
નથી મારા ઘરમાં નાર કજાત.
હું તો તારાં કમળ ફુલ લેવા આવીયો રે
ઘેર મારી માએ તેડયા જાગ
ગેડીએ મારીને નાગ જગાડીયો રે.

× × ×

નાગ વિના કેમ રહે એની નાગણી રે
નર વિના કેમ રહે ઘરનાર
કાળિનાગ નાથીને કૃષ્ણ પધારીઆ રે
જશોદાએ મોતીએ પૂર્યા થાળ.

ગોપી અને દાણી વચ્ચે ઝગડો

૧૨

ગરબી

ગોપી—તમે અજાણ્યા અમે જાણીએ રે,
મારો પાલવડો શીદ તાણીયો રે,
તમે સમજી લો મન માંય રે, શામળિયા, વા'લા રો'ની વેગળા રે.

દાણી—નારી શું રે સમજાવે તું મુજને રે
હું તો નહીં રે જાવા દઉં તુજને રે,
તારી મટકીને રાખીશ બાંય રે મહિયારી, રાધા દોની દાણ રે.

ગોપી—અલ્યા બાંહે શું મોડે શામળા રે,
તારા કરના ઉતારીશ આમળા રે,
કપરૂં છે કંસનું રાજ રે શામળિયા, વાલા૦ ૧

દાણી—નારી કંસ થકી શું થાય છે રે,
એવા કંઇ રે આવ્યા કંઇ જાય છે રે,
તારા ઉરનો ઉતારીશ હાર રે મહિયારી, રાધા૦ ૨

ગોપી—અલ્યા હૈડાનો હાર તુટશે રે,
મારા માથાની લટ છુટશે રે,
મારી સાસુડી દેશે ગાળ રે શામળિયા, વાલા૦ ૩

દાણી—નારી આળ ને ગાળ કોને ચડે રે,
નારી લેણું હોય તો તે લડે રે,
તારા ઘરમાં નથી કંઇ કામ રે મહિયારી, રાધા૦ ૪

ગોપી—અલ્યા કામ શું કહીએ વિઠ્ઠલા રે,
મેં તો તુજ સરીખા બહુ દીઠલા રે,
મેલો મેલોની મારો હાથ રે શામળિયા, વાલા૦ ૫

દાણી—નારી હાથ ન મેલું તાહરો રે,
આ વ્રજમાં અમલ છે માહરો રે,
હવે દાણ મેલ્યાં કેમ જાય રે મહિયારી, રાધા૦ ૬

ગોપી—અલ્યા કાણી તો કાળો કહાવીઓ રે,
મુકી મથુરાં ને ગોકુળ આવીઓ રે,
ચારી નંદરાયની ગાય રે શામળિયા, વાલા૦ ૭

દાણી—નારી ગાય ચારે શું થાય છે રે,
આપણા બેઉનાં કારજ થાય છે રે,
એમાં મેગુલિયાં નવ હોય રે મહિયારી, રાધા૦ ૮

ગોપી—તમો મનમાં ન આણો વિઠ્ઠલા રે,
મેણાં માણસને લાગે ઘણાં રે,
તમને લંપટને નહીં લાજ રે શામળિયા. વાલા૦ ૯

દાણી—એવી લાજ ધરો છો સુંદરી રે,
ત્યારે મહી વેચવા શીદ નીસરી રે,
શીદ આવી અમારી વાટ રે મહિયારી, રાધા૦ ૧૦

ગોપી—અમે અહીંઆં તે દહાડી આવતાં રે,
અમે જતાં તેં દાણ ચુકવતાં રે,
તમે સખી રૂઘનાથના સ્વામી રે શામળિયા, વાલા૦ ૧૧

ધન્ય આજની ઘડી રળિયામણી

૬૩

હાં રે ધન્ય આજની ઘડી રળિયામણી
હાં રે મારો વા'લો આવ્યાની
વધામણી હો જી રે, વધામણી હો જી રે, આજની૦
હાં રે હું તો મોતીડાના ચોક પુરાવતી,
હાં રે મારા વા'લીડાની આરતી ઉતારતી
હો જી રે, ઉતારતી હો જી રે, આજની૦
હાં રે અમે ગ્યાં'તાં વાલમજીને વારણે,
હાં રે મ્હેતા નરસૈંના સ્વામી ઉભા બારણે
હો જી રે, ઉભા બારણે હો જી રે, આજની૦

દળ હાલ્યાં ને વાદળ ઉમટયાં

૬૪

દળ હાલ્યાં ને વાદળ ઉમટયાં રે,
એ......ગોકુળમાં ટહુકયા મોર,
મળવા આવો સુંદર વર શામળા રે.
તમે મળવા તે ના'વો શા માટે રે,
હાં રે તમે છો રે સહાયના ચોર. મળવા આવો૦
તમે ગોકુળ ગૌધેનુ ચારતા રે,
હાં રે તમે ભરવાડોના ભાણેજ. મળવા આવો૦
મ્હેતા નરસૈંના સ્વામી શામળા રે,
અમને સંગે રમાડયાં રાસ. મળવા આવો૦

આશા ભર્યાં અમે આવીયાં

૧૫

આશા ભર્યાં અમે આવીયાં ને મારે વા'લે રમાડયાં રાસ રે,
આવેલ આશા ભર્યાં.

શરદ પૂનમની રાતડી ને પેલો ચંદ્ર ચડયો આકાશ રે,
આવેલ આશા ભર્યાં.

ઉતારા દેશું ઓરડા રે એને દેશું મેડી કેરા મ્હોલ રે,
આવેલ આશા ભર્યાં.

દાતણ દેશું દાડમી રે એને દેશું કણેરી કામ રે,
આવેલ આશા ભર્યાં.

ન્હાવણ દેશું કુંડિયું રે એને દેશું નદીકેરાં નીર રે,
આવેલ આશા ભર્યાં.

ભોજન દેશું લાપશી રે એને દેશું કઢીએલ દૂધ રે,
આવેલ આશા ભર્યાં.

મુખવાસ દેશું એલચી રે એને દેશું પાન પચાસ રે,
આવેલ આશા ભર્યાં.

પોઢણ દેશું ઢોલીઆ રે એને દેશું હીંડોળાખાટ રે,
આવેલ આશા ભર્યાં.

મીરાંશૃંગાર

૧૬

(ઢાળ : ક્યાં ગયો રે પેલો મોરલીવાળો ?)

મુજ અબળાને મોટી મીરાંત, બાઇ ! શામળો ઘરેણું મારે સાચું રે.
વાળી ઘડાવું વિઠ્ઠલ વર કેરી, હાર હરિનો મારો હઇયે રે;
ચિત્ત માળા, ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે ? મુજ૦
ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે;
વિંછુવા ઘૂઘરા રામનારાયણના, અણુવટ અંતરજામી રે. મુજ૦
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે;
કુંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારૂં ઘાલું રે. મુજ૦
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચું રે;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર હરિને ચરણે જાચું રે. મુજ૦
મીરાંબાઈ

ઉભી અરજ કરે મીરાં રાંકડી રે

૧૭

પ્રભુ પાલવ પકડીને રહી છું પ્રેમથી રે,
મારા છેલ છબીલા અંતરના આધાર;
ઉભી અરજ કરે મીરાંબાઇ રામને રે—(ટેક)
મારાં દાસીપાનાં દુઃખ સરવે દૂર કરો રે.
શીશ નામું મારા સદ્‌ગુરૂને પ્રણામ,
ઉભી અરજ કરે મીરાંબાઇ રામને રે—પ્રભુ પાલવ૦

(સાખી)

સાસરીઆમાં સુખ નહિ, મહીયરીયે નહિ માન;
સુખ દુઃખની વાતડી, ધરતું નથી કોઇ ધ્યાન;
હવે નથી રહેવું રાણાજીના રાજમાં રે;
રાણો રોષ ભરેલો કુડો કપટી રાય—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

આ સમે હરિ આવજો, વિઠ્ઠલ કરજો વાં'ર;
ગોવિંદ સાથે ગોઠડી, અબળાના આધાર;
વહાલા વસમું જાણી વેગે વહેલા આવજો રે;
નહીંતર જરૂર મારા જીવનું જોખમ થાય—ઉભી૦ પ્રભુ૦

(સાખી)

ઉંડે કુવે ઉતારીઆ, તરત ત્રુટયાં વ્રત;
તારણ હારો તારશે, શામળિયો સમરથ;
એવા વિવેકી વિઠ્ઠલને જાવું વારણે રે;
ટળશે હરિજનોના અંતરના ઉચાટ—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

વિશ્વાસે વળગી રહી, ત્રિકમ રાખો ટેક;
આગે હિંમત આદરી, મન ધારૂં વિવેક;
એવા ભક્તિભાવે ભૂદર આવો ભેટવા રે;
હું તો વેચાણી છું, નાથ, તમારે હાથ—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

નીતિ ધર્મ નવ છોડીએ, જ્યાં સુધી ઘટમાં પ્રાણ;
સહેજે સમુદ્દર ઉતર્યા, જેને ભેટયા શ્યામ;

એવા પૂરણ પુરુષોતમ પધારજો રે;
સત્ય રાખો મારા સાચા સુંદર શ્યામ—ઉભી૦—પ્રભુ૦

(સાખી)

કૃપાળા રણછોડજી, લળી લળી લાગું પાય;
રાણા ઘેર જાવું નથી એવો કર્યો ઠરાવ;
હવે શરણાગતની, વા’રે ચઢજો વિઠ્ઠલા રે;
પ્રભુ કૃપા કરીને રાખો ચરણની પાસ—ઉભી૦—પ્રભુ૦

વાંસળી

૧૮

વાગે વૃંદાવનમાં વાંસળી રે, ઉભો ઉભો વગાડે કહાન;
નાદે વેધી મુનીવર પાંસળી રે, નવ રહી કોને સાન. વાગે૦

તરૂની શાખાઓ ઝૂમી રહી રે, ચરણે નમવાને કાજ;
વેલી વૃક્ષ સાથે ઝૂલી રહી રે, (૨)
ભાગ્ય અમારાં આજ! વાગે૦

જમના નીર ચાલે નહીં રે, મૃગમન મોહ જ થાય;
પંખી માળામાં હાલે નહીં રે (૨)
નાદ સૂણી ન રહેવાય. વાગે૦

વાછરૂ કાન દઈ સાંભળે રે, કરે નહીં પયપાન;
ગાયો ગાળા તોડી તહાં પળે રે (૨)
નાદ સૂણવાને કાન. વાગે૦

ફૂલ્યાં કમળ જળ ટાટડી રે, દીસે ઉદ્દીઓ છે ભાણ;
શંકર સમાધિ મેલી રહ્યા રે (૨)
થયું જગતને જાણ વાગે૦
કાને પડીઓ તે વૃજનારને રે વ્હાલાજીનો રે નાદ;
સાંભળતાં તજી નિજ ધામને રે (૨)
ધાઇ ગયાં સૌ સાથ. વાગે૦
લીલા કેવી કુંજધામની રે ! પવન થયો ગતિ ભંગ;
દેવતા વૃષ્ટિ કરે પ્રસન્ન થઇ રે (૨)
દેખી વૃજનો ઉમંગ. વાગે૦

દયારામ

વાંસલડી

૧૯

ચાલો જઇએ શ્રી યમુનાને તીર, વાંસલડી તો વાગી રે વનમાં,
મુને રહેતી નથી જરા ધીર, વાંસલડી તો વાગી રે વનમાં.
વૃન્દાવનની કુંજમાં પુષ્પલતા ને પાન,
મેના પોપટ બોલતાં રે, રૂડાં પંખી કરે છે ગાન. વાંસલડી૦
વારી કુંજ કદમતણી, છાયા ગંભીર ઘોર,
બેઠા કદમની કુંજમાં રે, વેણું નાદ કર્યો યદુવીર. વાંસલડી૦
ચાલો આપણ ત્યાં જઇએ, રાસ રચ્યો છે જયાંય,
દાસ ખોડાને દયા કરી રે, પ્રભુ ઝાલજો મારો હાથ. વાંસલડી૦

વેરણુ વાંસલડી

૨૦

વ્રજનારી—

ઓ વાંસલડી! વેરણુ થઇ લાગી રે! વ્રજની નારને;
શું શોર કરે? જાતલડી તારી તું મન વિચારને.
તું તો જંગલ કાષ્ટ તણો કટકો;
રંગરસિયે દીધો રંગ ચટકો;
  અલી! તે પર આવડો શો લટકો? ઓ વાંસલડી૦
તને કા'નકુંવર કરમાં રાખે;
તું અધર તણો રસ નિત ચાખે;
  તું તો અમને દુઃખડાં બહુ દાખે. ઓ વાંસલડી૦
તું તો મોહનના મુખ પર મ્હાલે;
તું જ વિના નાથને નવ ચાલે,
  તું તો શોક્ય થઇ અમને સાલે. ઓ વાંસલડી૦
તને હરિએ હાથ ગ્રહી લીધી;
તને સૌમાં શિરોમણિ કીધી;
  ક્ષણુ મુખથી નવ મૂકે વીલી. ઓ વાંસલડી૦
હું તો તુજને આવી નવ જાણુતી;
નહિ તો તુ જ પર મહેર ન આણુતી;
  તારાં ડાળ મૂળ સાહીને તાણુતી. ઓ વાંસલડી૦
દયાના પ્રીતમને પૂરણુ પ્યારી;
તને અળગી નવ મૂકે ન્યારી;
  તારો ભેદ ગુણુહિસે ભારી. ઓ વાંસલડી૦

દયારામ

વલોણું

૨૧

હલકે હાથે તે નાથ મહિડાં વલોવજો,
મહિડાંની રીત ન્હોય આવી રે લોલ......ધ્રુ૦

ગોળી નંદ્દાશે નાથ ચોળી છંટાશે નાથ,
મોતીડાંની માળા તૂટશે રે લોલ;
ગોળી નંદ્દાશે ને ગોરસ વહી જાશે,
ગોરીનાં ચીર પણ ભીંજશે રે લોલ—હલકે૦

નાનીશી ગોરશીમાં જમનાજી ઉછળે,
એવી ન નાથ દોરી રાખશો રે લોલ;
નાનીશી ગોરશીમાં અમૃત ઠારીયાં,
હળવે ઉઘાડી નાથ ચાખો રે લોલ—હલકે૦

ઇન્દુકુમાર અં. ૨ જો ન્હાનાલાલ

ફૂલડાંકટોરી

૨૨

ચન્દ્રીએ અમૃત મોકલ્યાં રે બ્હેન!
ફૂલડાંકટોરી ગૂંથી લાવ,
જગમાલણી રે બ્હેન!
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન!

અંજલિમાં ચાર ચાર ચારણી, રે બ્હેન !
અંજલિએ છુંદણાના ડાઘ:
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !
ઝીલું નહીં તો ઝરી જતું, રે બ્હેન !
ઝીલું તો ઝરે દશ ધાર:
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !
ફૂલડાંમાં દેવની હથેળીઓ, રે બ્હેન !
દેવની કટોરી ગૂંથી લાવ:
જગમાલણી રે બ્હેન !
અમૃત અંજલિમાં નહિ ઝીલું, રે બ્હેન !

ઇન્દુકુમાર, અં. ૧ લો. ન્હાનાલાલ

સ્વપ્નમાં

૨૩

સ્નેહીના સોણલાં આવે, સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે:
હૈયાનાં હેત તો સંતાવે, સાહેલડી !
આશાની વેલ મ્હારી ઉગી ઢળે. ધ્રુવ૦
ચ્હડતું પૂર મધરાતનું ગાજે ભર સૂનકાર:
ચમકે ચપળા આભમાં,

એવા એવા છે પ્રિયના ચમકારઃ રે સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.
ઝરમર ઝરમર મેહુલો વરસે આછે નીરઃ
ઉન્હે આંસુ નયનો ભીંજે,
એવાં એવાં ભીંજે મ્હારાં ચીરઃ રે સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.
અવનીભરી, વનવનભરી ઘૂમે ગાઢ અન્ધારઃ
ઝબકે મંહી ધુણિ જોગીની,
એવા એવા છે પ્રિયના ઝબકારઃ રે સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.
ઝીણી જ્યોતે ઝળહળે પ્રિયનો દીપક લગીરઃ
પડે પતંગ, મંહી જલે,
એવી એવી આત્માની અધીરઃ રે સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.
ખૂંચે ફૂલની પાંદડી, ખૂંચે ચન્દ્રની ધારઃ
સ્નેહીનાં સંભારણાં
એવાં એવાં ખૂંચે દિલ મોઝારઃ રે સાહેલડી !
ઉરના એકાન્ત મ્હારા ભડકે બળે.

રાસ, ભા. ૧ લો. ન્હાનાલાલ

સંભારણાં

૨૪

રૂપલા રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝુલે રસપારણાં, હો બ્હેન !

ત્યારે ઝબકે ઝીણાં અતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

શરદ પુનમનો ચાંદલો, ઘડી ચમકીને જાય;
વરસ દિવસ વીત્યે, સખિ ! દોહલ દર્શન થાય.

અન્ધારી રજનીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝુલે રસપારણાં, હો બ્હેન !
ત્યારે ચમકે અમૃતઅતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

મેઘ ઝરે, રસ નીતરે, આંબો ઝોલાં ખાય;
ખીલે ન મ્હોર, ન મંજરી; સખિ ! નથી આ ઋતુરાય.

સૂની રજનીઓમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝુલે રસપારણાં, હો બ્હેન !
ત્યારે ઝબકે રાજનઅતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

દૂર દૂરની કુંજમાં મોર કરે ટહુકાર;
સખિ ! ટહુકામાં જીવવું, મોંઘા મોરદિદાર.

લાંબી રાતલડીમાં ઉઘડે ઉરનાં બારણાં, હો બ્હેન !
ઝુલે રસપારણાં, હો બ્હેન !
ત્યારે ઝબકે ઉરના અતિથિનાં સંભારણાં, હો બ્હેન !
લઉં હું વારણાં, હો બ્હેન !

રાસ, ભાગ ૧ લો. ન્હાનાલાલ

મુજ ગામડે

૨૫

(ઢાળ : ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.)

ગોવિન્દ ! પધારો મુજ ગામડે રે લોલ;
ગામડે ગવાય તમ ગાન જો ! ગોવિન્દ !

ઝૂંપડી હમારી પ્રભુ ! છાજની રે લોલ;
બનશે વૈકુંઠ સમ ધામ જો ! ગોવિન્દ !

દૂધલડાં દોહી ગોરી ગાયનાં રે લોલ;
પાશું ભરી ભરી પાત્ર જો ! ગોવિન્દ !

ઢેબરાં ને ઘેંસ, રૂડી રાબડી રે લોલ;
ધરશું મ્હેમાની નીર્દોષ જો ! ગોવિન્દ !

ભાવના ભૂખ્યા પ્રભુ ભાવતા રે લોલ;
પ્રીત થકી નિત્ય ધરૂં ધ્યાન જો ! ગોવિન્દ !

હઇડાં ધરીશું પ્રભુચરણમાં રે લોલ;
દેશું કંઇ સ્નેહ-સન્માન જો.! ગોવિન્દ !

ગોકુળપતિ ! વ્હેલા આવજો રે લોલ;
જૂએ વૃજબાળા વાટ જો ! ગોવિન્દ !

રાયચુરા.

જનની

૨૬

(મહીડાનાં દાણ અમે નહિ દઇ રે લોલ—એ ઢાળ)

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
 એથી મીઠી તે મોરી માત રે.
 જનનીની જોડ સખિ ! નહિ જડે રે લોલ—(ટેક)
પ્રભુના એ પ્રેમ તણી પુતળી રે લોલ,
 જગથી જુદેરી એની જાત રે—જનની૦
અમીની ભરેલ એની આંખડી રે લોલ,
 વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે—જનની૦
હાથ ગુંથેલ એના હીરના રે લોલ,
 હૈયું હેમંત કેરી હેલ રે—જનની૦
દેવોને દૂધ એના દોહ્યલાં રે લોલ,
 સો સો શશાંક એની સોડય રે—જનની૦
જગનો આધાર એની આંગળી રે લોલ,
 કાળજામાં કૈંક ભર્યો કોડ રે—જનની૦
ચિતડું ચડેલ એનું ચાકડે રે લોલ,
 પલના બાંધેલ એના પ્રાણ રે—જનની૦
મૂંગી આશીષ ઉરે મલકતી રે લોલ,
 લેતાં ખૂટે ન એની લ્હાણ રે—જનની૦
ધરણી માતા યે હશે ધ્રૂજતી રે લોલ,
 અચળા અચૂક એક માય રે—જનની૦

ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો મા-પ્રેમનો પ્રવાહ રે--જનની૦
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે--જનની૦
ચળતી ચંદ્રાની દીસે ચાંદની રે લોલ,
માનો નહિ આથમે ઉજાસ રે,
જનનીની જોડ સખિ ! નહિ જડે રે લોલ.

-રાસતરંગિણી. બોટાદકર.

વીરાનાં વારણાં

૨૭

ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ:
મોંઘામૂલો છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.
એક તો સુહાગી ગગનચાંદલો રે લોલ:
બીજો સુહાગી મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.
રાજ તો વિરાજે રાજમન્દિરે રે લોલ:
બારણે વિરાજે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.
ચંપો ખીલે છે ફૂલવાડીમાં રે લોલ:
કુલમાં ખીલે છે મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલઃ
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.
એક તો આનન્દ મારા ઉરનો રે લોલઃ
બીજો આનન્દ મારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.
દેવે દીધી છે મ્હને માવડી રે લોલઃ
માડીએ દીધો મ્હારો વીર જો !
ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.

ન્હાના ન્હાના રાસ, ભા. ૧ લો ન્હાનાલાલ

ભાભી

૨૮

(મહીડાનાં દાણ અમે નહિ દઈ રે લોલ—એ ઢાળ)

ટહુકે વસન્તકુંજ કોકિલા રે લોલ,
ઘરમાં ભાભીનાં એવાં ગીત રે.
ભાભીના ભાવ મને ભિંજવે રે લોલ. (ટેક)
વીરા મારાની મધુર મોરલી રે લોલ,
નવલા એ રાગ વહે નિત્ય રે—ભાભીના૦
છોડી પિયરની એણે પાલખી રે લોલ,
મૂકી માયાભરી માત રે—ભાભીના૦
વ્હાલાંનો સંગ કર્યો વેગળો રે લોલ,
મારા એ બન્ધવાને માટ રે—ભાભીના૦

સહિયરનો સાથ ત્યજ્યો સામટો રે લોલ,
    દાદાનો દૂર કર્યો દેશ રે—ભાભીના૦
ખાંતનાં ભરેલ ત્યજ્યાં ખેલણાં રે લોલ,
    છોડયો બાળાપણ વેશ રે—ભાભીના૦
સાધી શકે ન અમરસુન્દરી રે લોલ,
    એવો અમોલ એનો ત્યાગ રે—ભાભીના૦
શાં શાં તે મૂલ એનાં આંકિયે રે લોલ;
    શા શા સમર્પિયે સોહાગ રે—ભાભીના૦
એને માડીનો સોહે મોડિયો રે લોલ,
    રૂડાં દાદાજીનાં રાજ રે—ભાભીના૦
વ્હાલ અખંડ મારા વીરનું રે લોલ,
    લાખ ટકાની કુળલાજ રે—ભાભીના૦
એને મંદિર, એને માળિયાં રે લોલ,
    સોળે સજાવું શણુગાર રે—ભાભીના૦
એને તે કોષ તણી કુંચીઓ રે લોલ,
    હીરા ને મોતીઓ હજાર રે—ભાભીના૦
એ તો અમારી અન્નપૂરણા રે લોલ,
    વીરાના વંશ કેરી વેલ્ય રે—ભાભીના૦
હસતી ઉષા એ અમ આભની રે લોલ,
    રઢિયાળી રંગડાની રેલ રે—ભાભીના૦
માડી જાયો તે મધુર મોરલો રે લોલ,
    ભાભી ઢળકતી શી ઢેલ રે—ભાભીના૦
વીરો મ્હેરામણ મીઠડો રે લોલ,
    શીળી સરિતની એ સેર રે—ભાભીના૦

ચળકો સહાય એનો ચાંદલો રે લોલ,
    જીવો એ જુગ--જુગ જોડ રે--ભાભીના૦
હૈયાં એ હેતભર્યાં હિંચજો રે લોલ,
    પૂરો પ્રભુજી એના કોડ રે--ભાભીના૦

રાસતરંગિણી. બોટાદકર

વાલ્યમનાં વેણ

૨૯

(મારી માને કે'જો તે આણાં મોકલે રે—એ ઢાળ)

ગાજે વડલો વિહંગ તણાં ગાનથી રે,
    માંહે ટહુકે કળાયલ મોર;
        મને વ્હાલાં વાલ્યમજીનાં વેણલાં રે. (ટેક)
એવો ઉરનો આનન્દ એક બોલડે રે,
    એ તો લાગે કાળજડાની કોર. મને૦
એને અમૃત તો એક–એક અક્ષરે રે,
    સખિ ! શીળા–શીળા એના સૂર. મને૦
રોમ--રોમે રૂડો રસ રાજતો રે
    ચડે હૈયામાં પ્રેમ તણાં પૂર. મને૦
જાણે વરસે કો મન્દ–મન્દ મેહુલો રે,
    સરે આછી સલિલ કેરી સેર મને૦
જાણે ફૂલડાં ઝરે કોઈ ફોરતાં રે,
    લળી આવે સાગર તણી લહેર. મને૦

દીસે જાદુ જરૂર એની જીભમાં રે,
હું તો ભૂલી ગઈ તન ભાન. મને૦
રહે મનને નચાવી એની મોરલી રે,
મારા ઉરનો કોડીલો એ કા’ન. મને૦
ભલે વરસે અંગાર કોઇ આભથી રે,
ભલે કરવતથી કાળજુ કપાય. મને૦
રહે રસની સરિત ઉરે રેલતી રે,
પડી જુઠા સંતાપ સહુ જાય. મને૦

બોટાદકર

મનામણાં

૩૦

વઉવારૂને કોણ મનાવા જાય;
ચુંદલડી નૈ રે ઓઢું દીનાનાથ,
ચુંદલડીમાં કાળી કસુંબલ ભાત.
વઉવારૂને સસરો મનાવા જાય;
ચુંદલડી નૈ રે ઓઢું દીનાનાથ,
ચુંદલડીમાં કાળી કસુંબલ ભાત.
વઉવારૂને જેઠ મનાવા જાય;
ચુંદલડી નૈ રે ઓઢું દીનાનાથ,
ચુંદલડીમાં કાળી કસુંબલ ભાત.
વઉવારૂને પરણ્યો મનાવા જાય;
ચુંદલડી ઝટ રે ઓઢું દીનાનાથ.
ચુંદલડીમાં રાતી કસુંબલ ભાત.

રઢીઆળીરાત. ભા. ૧.

સાસુ

૩૧

(મારી માને કે'જો તે આણાં મોકલે રે–એ ઢાળ)

વહે ગંગા મારે ઘરઆંગણે રે
એનાં આછાં ઉછળતાં નીર;
સખિ! સાસુ તણાં સુખ શાં કહું રે! (ટેક)
રમે સૂરજ ને સોમ એના અંકમાં રે,
દેવતરૂઓ ઉભાં એને તીર. સખિ! સાસુ૦
હું તો ભૂલી ભમું ભવમારગે રે,
પડે કાંટા મહીં કદી પાય. સખિ! સાસુ૦
ઘણાં ઝેરી જનાવર ઘૂમતાં રે,
ભુંડી હૈયામાં ભીતિઓ ભરાય. સખિ! સાસુ૦
મને કેડો દેખાડે કને રહી રે,
મારો સાચવીને કર સ્હાય. સખિ! સાસુ૦
રહે વસમા કાંટા વન વીણતાં રે,
ઝીલે આડા ઘડી–પળ ઘાય. સખિ! સાસુ૦
ધરી અંગે આભૂષણ ઓપતાં રે,
હું તો લાગું લળી–લળી પાય. સખિ! સાસુ૦
મને ઉંડેરી આશીષ આપતાં રે,
એને કાળજે કેં–કેં થાય. સખિ! સાસુ૦
રહે રાજ ત્યજી ઉર રાચતું રે,
એની મોટપ કેમ મપાય? સખિ! સાસુ૦

મારા રૂડા સોહાગની રાખડી રે,
　　નવા જગની એ તો મુજ માય. સખિ ! સાસુ૦
એની સેવા કરી સુખ સાધશું રે,
　　ઉરે લેશું ઝીલી ઉરલ્હાણુ. સખિ ! સાસુ૦
એને દેશું વિસામો વાટમાં રે,
　　એના પ્રીતિથી પૂરશું પ્રાણ.
સખિ ! સાસુતણાં સુખ શાં કહું રે !

બોટાદકર

તલવારનો વારસદાર

૩૨

(ઢાળ-શેના લીધા મારા શ્યામ અબોલડા આ શેના લીધા રે !)

ભીંતે ઝૂલે છે તલવાર
　બાપૂજી કેરી ભીંતે ઝૂલે રે
ભેટયે ઝૂલે છે તલવાર
　વીરાજી કેરી ભેટયે ઝૂલે રે
મારા બાપૂને બ્હેન ! બે બે કૂંવરિયા
　બે વચ્ચે પાડયા છે ભાગ
*હાં રે બેની ! બે વચ્ચે પાડયા છે ભાગ–બાપૂજી૦
મોટે માગી છે મો'લ મ્હેલાતું વાડીયું
　નાને માગી છે તલવાર
*હાં રે બેની ! નાને માગી છે તલવાર–બાપૂજી૦

*બધી કડીઓ ત્રીજીવાર આ રીતે ગવાશે તો રાસડો ચગાવી શકાશે.

મોટો મ્હાલે છે મો'લ મેડીની સાયબી
નાનો ખેલે છે શિકાર—બાપૂજી૦
મોટો ચડિયો છે કાંઇ હાથી–અંબાડિયે
નાનેરો ઘોડે અસવાર—બાપૂજી૦
મોટો કાઢે છે રોજ કાવા કસૂંબલા
નાનેરો ઘૂમે ઘમસાણ—બાપૂજી૦
મોટો પોઢે છે લાલ રંગીલે ઢોલીએ
નાનો ડુંગરડાની ધાર—બાપૂજી૦
મોટો મઢાવે વેઢ વીંટી ને હારલા
નાનો સજાવે તલવાર—બાપૂજી૦
મોટાને સોઇ હીર–ઝરિયાની આંગડી
નાના ને ગેંડાની ઢાલ—બાપૂજી૦
મોટો સંતાય સુણી શત્રુના રીડિયા
નાનેરો ધે છે પડકાર—બાપૂજી૦
મોટો ભાગ્યો છે સેન શત્રુનાં ભાળતાં
નાનેરો ઝીકે છે ઘાવ—બાપૂજી૦
મોટો જીબ્યો છે પાય શત્રુના પૂજતો
નાનેરો સૂતો સંગ્રામ—બાપૂજી૦
મોટેરે માડી! તારી કૂંખું લજાવી
નાને ઉજાળ્યા અવતાર—બાપૂજી૦
મોટાનાં મોત ચાર ડાઘૂડે જાણિયાં
નાનાની ખાંભી પૂજાય—બાપૂજી૦

ભીંતે ઝૂલે છે તલવાર
બાપૂજી કેરી ભીંતે ઝૂલે રે !

ભેટયે ઝૂલે છે તલવાર
વીરાજી કેરી ભેટયે ઝૂલે રે !

વેણીનાં ફુલ. ઝવેરચંદ મેઘાણી

ચાંદલિયો.

૩૩

આસો માસે શરદ પૂનમની રાત જો,
ચાંદલિયો ઉગ્યો રે સખિ મારા ચોકમાં.

સસરો મારો પેલા જનમનો બાપ જો
સાસુ રે પેલા જનમની માવડી.

જેઠ મારો આષાઢીલો મેઘ જો
જેઠાણી ઝબૂકે વાદળ વિજળી.

દીયર મારો ચાંપલિયાનો છોડ જો
દેરાણી ચાંપલિયા કેરી પાંદડી.

નણંદ મારી વાડી માંહેલી વેલ્ય જો
નણદોઈ મારો વાડી માંહેલો વાંદરો.

પરણ્યો મારી સગી નણંદનો વીર જો
તાણીને બાંધે રે નવરંગ પાઘડી.

કુટુંબ વત્સલતા

૩૪

વ્હાલું કુટુંબ મને વિશ્વમાં રે લોલ;
વ્હાલમાં વિભુનો સદા વાસ જો—વ્હાલું૦
સસરા મારા તે દેવતુલ્ય છે રે લોલ;
સાસુજી જાણે બીજી માત જો—વ્હાલું૦
જેઠજી મારા તે સૂરજ ચળકતા રે લોલ;
જેઠાણી જાણે ઉષા નાર જો—વ્હાલું૦
દીયર કોડીલા મારા કુળમાં ચે લોલ;
હોંસે હસાવી ખુશી થાઉં જો—વ્હાલું૦
દેરાણી રૂડી ગૃહે ચાંદની રે લોલ;
દીપાવે સ્વર્ગ શાં આવાસ જો—વ્હાલું૦
નણુદી ન્હાની શી જાણે ફૂલકળી રે લોલ;
નણુદોઈ નશીબદાર ભૃંગ જો—વ્હાલું૦
બન્ધુ આશાનો મારો દીવડો રે લોલ;
અજવાળે તાતનું એ કુળ જો—વ્હાલું૦
બ્હેની સમાન શીલ સહચરી રે લોલ;
દીલડું ઠારીને કરૂં વાત જો—વ્હાલું૦
બાળુડો મારો જીવન તાંતણો રે લોલ,
બાળકી દીપાવે મારી કુખ જો—વ્હાલું૦
દાસી હું દીન મારા નાથની રે લોલ;
હૈયાનાં હેત ને ઉલ્લાસ જો—વ્હાલું૦

પ્રીતિની વાડી બધી ખીલતી રે લોલ;
સીંચી હું સ્નેહ સુખી થાઉં જો—વ્હાલું૦
અહા ! કુટુંબ પ્રેમ નાવડું રે લોલ;
નાવડે સુકાની ગૃહનાર જો—વ્હાલું૦

ધીરજનાં કાવ્યો. ધીરજ

મેંદી રંગ લાગ્યો રે

૩૫

મેંદી તે વાવી માળવે,
એનો રંગ ગયો ગુજરાત
મેંદી રંગ લાગ્યો રે.
નાનો દેરીડો લાડકો ને
કાંઇ લાવ્યો મેંદીનો છોડ—મેંદી રંગ લાગ્યો રે.
વાટી ઘુંટીને ભર્યો વાટકો,
ભાભી રંગો તમારા હાથ—મેંદી રંગ લાગ્યો રે.
હાથ રંગીને દેરી શું રે કરૂં,
એનો જોનારો પરદેશ—મેંદી રંગ લાગ્યો રે.
લાખ ટકા આલું રોકડા,
કોઇ જાવ જો દરીઆ પાર—મેંદી રંગ લાગ્યો રે.
શોકયના સાયબાને જઇ એટલું કે'જો,
તારી બ્હેની પરણે ઘેર આવ્ય—મેંદી રંગ લાગ્યો રે.
બ્હેની પરણે તો ભલે પરણે,
એની ઝાઝા હિ રોકજો જાન—મેંદી રંગ લાગ્યો રે.

શોકયના સાયબાને જઈ એટલું કે'જો,
તારો વીરો પરણે ઘેર આવ્ય—મેંદી રંગ લાગ્યો રે.
વીરો પરણે તો ભલે પરણે,
એની જાડેરી જોડજો જાન—મેંદી રંગ લાગ્યો રે.
શોકયના સાયબાને જઈ એટલું કે'જો,
તારી માડી મરે ઘેર આવ્ય—મેંદી રંગ લાગ્યો રે.
માડી મરે તો ભલે મરે,
એને બાળજો બોરડી હેઠ—મેંદી રંગ લાગ્યો રે.
શોકયના સાયબાને જઈ એટલું કે'જો,
તારી માનેતીની ઉઠી આંખ—મેંદી રંગ લાગ્યો રે.
હાલો સિપાઇઓ, હાલો ભાઇબંધીઓ,
હવે હલકે બાંધો હથીઆર—મેંદી રંગ લાગ્યો રે.

ફૂલની પાંખડી

૩૬

(ઢાળ: પ્રીતમ પરાહુના, મહારાજ!)

ફૂલની પાખડી લ્યો, પ્રાણ!
ઉરની એ અધૂરી લ્હાણ;
અમીમય આંખને અહેશાનઃ
ફૂલની પાંખડી લ્યો પ્રાણ!
સ્વજન સ્નેહનાં ઝરણાં રેલે,
હિલહલ્લિાવ અહો એ ઝીલે!

પ્રાણુ પાંખડી ખીલી રહે,
ત્યાં બીજાં શાં સન્માન ? ફૂલની૦

છલકાતા રસભાવતરંગે,
પ્રકાશપરિમલ ઉછળે અંગે;
પ્રફુલ્લ આત્મકમળ ઉઘડે,
ત્યાં બીજાં શાનાં દાન ? ફૂલની૦

અનંતદલ પર વ્હાલાં મ્હાલે,
અમરવેલ સુરતરૂ સમ ઝૂલે;
પ્રીતિલક્ષ્મી પ્રભુમય પ્રગટે,
ત્યાં પ્રભુતાનાં રસપાન ! ફૂલની૦

દૃષ્ટિયોગમાં મધુરૂં હસતાં,
વ્હાલઉમળકે અધુરૂં વિલસતાં;
રસિયા જન કલ્લોલ કરે,
ત્યાં આધીનતાનાં તાન : ફૂલની૦

પ્રાણુ સમાં પ્રિયજનને પરિચય,
રૂમઝુમતું અમ જીવન રસમય;
એમાંની આ એક જ—
ફૂલની પાંખડી લ્યો પ્રાણુ !
ઉરની એ અધૂરી લ્હાણુ;
અમીમય આંખને અહેશાનઃ
ફૂલની પાંખડી લ્યો પ્રાણુ !

લલિત

ગૃહદેવીઓનું મંગલ ગીત

૩૭

(અંબા અલબેલી દીસો છો આજે રંગમાં રે લોલ—એ રાગ)

" અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓ રે લોલ;
અમે સ્વર્ગથી સંસાર તટે ઉતર્યાં રે લોલ,
અમે શાન્તિ ને આનંદ બધે રેલીએ રે લોલ;
અમ હાસ્યમાં તો તેજના અંબાર છે રે લોલ.
અમે વાણીથી સ્વર્ગ સુધા રેડીએ રે લોલ;
અમ નેણુમાંથી પ્રેમની ધારા ઝરે રે લોલ,
અમે ધાત્રીઓ સંસારની કહેવાઇએ રે લોલ:
અમે વીર કાંઇ ઉછંગમાં ઝુલાવીએ રે લોલ.
અમ ઉરથી અમૃતની સેરો રે લોલ;
અમી પાઈને દેવાંશીઓ ઉછેરીએ રે લોલ,
અમે વિશ્વના સંતાપ સર્વ ફેડીએ રે લોલ;
તપ્યા માનવીને છાંય શીળી આપીએ રે લોલ.
દુઃખી માનવીનું શીર અંક રાખીએ રે લોલ,
અમે ઉતર્યાં રોતાંનાં આંસુ લુછવા રે લોલ,
અમ હાસ્ય થકી શોભતો સંસાર છે રે લોલ;
અમે વિશ્વમાં સૌન્દર્યના અવતાર શાં રે લોલ.
અમે કાન્તની માનીતી ગૃહદેવીઓ રે લોલ;
અમે રાજી તો પ્રભુ સદા પ્રસન્ન છે રે લોલ,
અમે સ્વર્ગને સંસારમાં ઉતારીએ રે લોલ;
અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓ રે લોલ. "

નર્મદાશંકર બાલાશંકર

સખીને આમંત્રણ

૩૮

(ઢાળ : મુજ અબળાને મોટી મીરાંત. બાઈ !)

ચાલોને, સહિયર ! ઉન્નત જીવનજલ ઝીલવાને જઈએ રે !
પુણ્ય સલિલ અવગાહનથી, સખિ ! અંતર પાવન થઈએ રે !
ચાલોને, સહિયર !
સાખીઃ પ્રભુના ગિરિથી અવતરે શાન્ત સદાશિવ નીર;
શમવે મનુકુલતાપને છાયા તરુવર તીર !
શીતલ સૌમ્ય સુધારસ, સુંદરી ! રેલી રહ્યો, જઈ લઈએ રે !
ચાલોને, સહિયર !
સાખીઃ સ્ફટિક વિશદ વરસી રહ્યા સુરસરિતાના ધોધઃ
લલિત કરી કલાન્તાત્માને પ્રેરે પ્રાણ પ્રબોધ !
સાડી સજો, સખી ! સ્નેહ સુરંગીઃ વારિ પરસ્પર દઈએ રે !
ચાલોને, સહિયર !

મણિશંકર ર. ભટ

રામનામ

૩૯

સીતારામનાં સન્તાન !
પૂણ્યભૂમિનાં સન્તાન !
આવો હો ! રામનામ ઝીલવા.

નીતિ રાજ્ય નિપુણતામાં રામરાજ્ય શોભતું;
સ્નેહલગ્ન શુદ્ધતામાં રામજીવન ઓપતું.
એવાં મોંઘેરાં ગાન
પ્રભુ ગીતડાંને તાન
આવો હો ! રામનામ ઝીલવા.
માતૃપ્રેમ-પિતૃપ્રેમ-ભ્રાતૃપ્રેમ દર્શવા,
પતિપ્રેમ-પત્નિપ્રેમ-મિત્રપ્રેમ નિરખવા;
રામજીવનમાં માન
લઈ, ભારતીસન્તાન !
આવો હો ! રામનામ ઝીલવા.
પુનિત પગલે ગૃહે ગૃહે સીતા સતી પધારે,
પત્નિભક્ત પતિ રામ જીવનમાં ઉતારે;
હિંદ સ્વર્ગને સમાન:
રામસીતાને ગાન:
સહુ ભારતી સન્તાન !
આવો હો ! રામનામ ઝીલવા.

રાયચુરા.

હૈયાસૂનાં

૪૦

નિર્જન વનવગડે અહીં વાદળી !
જળ શાં ઢોળવાં અમથાં ?
રણે રગદોળવાં અમથાં ?

એવાં હૈયાસૂનાં સમીપ વિતક શાં બોલવાં અમથાં ?
હૃદય શીદ ખોલવાં અમથાં ?
ચાતક જળવણુ ટળવળે, મેઘ ચઢચો ઘનઘોર;
ગર્જન કિંતુ જૂઠડાં; જગ એવું ય નઠોરઃ
છીછરા સરવરને શીદ મલિન જળે અંઘોળવાં અમથાં ?
જવાહીર ઝબોળવાં અમથાં ?
એવાં હૈયાસૂનાં સમીપ વિતક શાં બોલવાં અમથાં ?
હૃદય શીદ ખોલવાં અમથાં ?
સુગન્ધ મિટ્ઠા લિંબડા, રસમાં કડવા ઝેર;
મુખ મિટ્ઠાંના મોહ શા, જો નહિ મનના મેળ ?
ગરજુ જગવગડે વણુ પાત્ર પ્રણુય શો ઢોળવો અમથો ?
ઉરેઉર જોડવાં અમથાં ?
ઉજ્જડ મરુભૂમિમાં રસિક હૃદય શાં ખોલવાં અમથાં ?
જીવન શીદ રોળવાં અમથાં ?
મોહભીના સંસારમાં, જૂઠા મૃગજળ ઘાટ;
મોંઘી સફરો સ્નેહની, આઘી ઉરની વાટઃ
વિજન કો વાડીને એકાન્ત પુલો ! શાં ફોરવાં અમથાં ?
દરદ દિલ વ્હોરવાં અમથાં ?
કહો, કહાં મળશે વ્હાલો કાન્ત ? સ્વજનના સ્નેહનીય કથા ?
અવરની મારે છે શી તથા ?

—નિર્જન

કેશવ હ. શેઠ.

આજે ઉત્સવ રાષ્ટ્રદેવનો

૪૧

(ઢાળ : આજે ઉત્સવ ફૂલડોલનો)

પુનિત સન્તોનાં વૃન્દ (૨)
આજે ઉત્સવ રાષ્ટ્રદેવનોઃ
મૈયા ભારતી સોહન્ત (૨)
આજે ઉત્સવ રાષ્ટ્રદેવનો.
કુંજે વસન્ત કંઇક ગુંજે નવપ્રેરણા
કોકિલા સુકંઠે ટહુકન્તઃ આજે૦
હૈડે રસચેતના જગાવે સ્નેહજ્યોત શી ?
પિંડે બ્રહ્માંડ પ્રગટન્તઃ આજે૦
અન્તર મહિં ભક્તિ જગન્નાથ–જન્મભૂમિની,
ઝગમગ કો ઓજસે લસન્તઃ આજે૦
શોભત જગમોહને બતાવી જીવન–માધુરી,
હિન્દી નવકોડે હસન્તઃ આજે૦

મંજુલાલ ર. મજમુંદાર

પંદર તિથિઓ

૪૨

પડવાની પણ પ્રીત ગટ મટ ભુલી રે,
મારા હરિ વીના એક વાત સરવે સુની રે. ૧

બીજે બાળે વેશ રહી છું બાળી રે,
આ ઘરમાં કેમ રહેવાય વાગે તાળી રે. ૨
ત્રીજે ત્રિભુવનરાય રાજ પધારો રે,
હરિ આવોને આપણે ઘેર હેત વધારો રે. ૩
ચોથે ચંચળ નાર ચતુરા ચાલે રે,
પેલો વડોદરાનો વૈદ દુખડાં ટાળે રે. ૪
પાંચમના પડદા હરિ શું રાખ્યા રે,
મારે પ્રેમરસ પીવા કાજ હરિરસ ચાખ્યા રે. ૫
છઠ્ઠીના લખીઆ લેખ તે તો કેમ ટળશે રે,
મારા પેલા ભવની પ્રીત આવી મળશે રે. ૬
સાતમના સંતાપ હરિ શું અમને રે,
આ શું કહીએ મહારાજ લાજ નહીં તમને રે. ૭
આઠમે ઓચ્છવ થાય હરિ હોય હેલી રે,
મારે સોળ ગોપીઓનો સાથ રમવા ઘેલી રે. ૮
નોમે નમેરા નાથ નમેરા ના થઈએ રે,
આ ગોકુળીયું મેલી મથુરાં ના જઈએ રે. ૯
દશમે દિનરાત દેહી મારી દાઝે રે,
ઘેર નાવલીઓ રીસાય તે ઘણું સાલે રે. ૧૦
એકાદશીનાં વ્રત મારે કરવાં રે,
શ્રી જમનાજીનાં ધ્યાન મારે ધરવાં રે. ૧૧
દ્વાદશીને દહાડે દરશન અમને દેજો રે,
મારા શામળીઆ ભગવાન સનમુખ રહેજો રે, ૧૨
તેરશના તો તંન અમારાં તુટયાં રે,
આ હરિ હરિ કરતાં હોઠ અમારા સુકયા રે. ૧૩

ચોદશે તો ચતુર નર વાહાયા રે,
ઘેર રાધા સરખી નાર શું રીસાયા રે. ૧૪
પૂનમે તો પંદર તથો થઈ કહાવે રે,
મુને સેજડીએ સુતાં નીંદ્રા ન આવે રે. ૧૫

પંદર તિથિઓ

૪૩

સખી પડવે તે પંથે ચાલ્યારે, મહાવનના તે મારગ ઝાલ્યા રે;
સાથે સીતા ને લક્ષ્મણ બાળા, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૧
સખી બીજે મઢીમાં બિરાજેરે, જેવાં નદીઓતણાં નીર ગાજે રે;
રામ મેલી ગયા રૂડું રાજ, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૨
સખી ત્રીજે તે વનની ઝાડી રે, દસ ફળ મંગાવે છે દહાડી રે;
સારી શોભે સીતાજીની વાડી, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૩
સખી ચોથે કેવડીઓ બ્હેકે રે, ફાલ્યો ફુલ્યો ને મોગરો મ્હેકેરે;
એવી લીલી લતાઓ લહેકે, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૪
સખી પાંચમે પોપટ પાળ્યો રે, પાંખ લીલી ને કાંઠલો કાળોરે;
રામ નાથ ભણતો ભાળ્યો, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૫
સખી છઠે છેતરવાને આવ્યો રે, કૂડો કપટી રાવણ સાથે લાવ્યોરે;
એ મુખનો મરગ બનાવ્યો, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૬
સખી સાતમે શ્રીહરિ સમર્યા રે, વાડી ભેળી ઉડાડયા ભમરારે;
રૂખ સાહીને ઉપાડયા ડમરા, રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે. ૭
સખી આઠમે એને નીહાળ્યો રે, ધનુષ ધારીને મરગલો માર્યોરે;
મૃગ મરતી વખતે પોકાર્યો, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૮

સખી નોમે તે નાંખ્યું તીર રે, જઇ વાગ્યું છે મરગને શિર રે;
ધાજો ધાજો લક્ષ્મણ વીર, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૯
સખી દશમે કહે લક્ષ્મણને રે, બેલી વીરો બોલાવે છે તમનેરે;
આડી આણ દીધી છે અમને, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૧૦
સખી એકાદશી અપવાસી રે, લંપટ લેવાનો લાગ તપાસી રે;
રાવણ સીતાને લઇ ગયો નાસી, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૧૧
સખી બારસે હનુમાન બળિયો રે, ઠેકી સમુદ્રને પાર નીકળિયોરે;
જઇ જોગમાયાને મળિયો, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૧૨
સખી તેરસે ત્રંબાળુ ભાગે રે, હાક હનુમાન કેરી વાગેરે;
લાય લંકા ગઢમાં લાગે, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૧૩
સખી ચૌદશે ચિત્ત વિચારી રે, ફોજ વાંદરાની રચી સારી રે.
રામે રાવણને નાખ્યો મારી, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૧૪
સખી પૂનમે પ્રભુજી આવ્યા રે, થાળ ભરી મોતીડે વધાવ્યા રે;
માતા કૌશલ્યાને મન ભાવ્યા, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે. ૧૫
સખી પંદર તિથિ થઈ પૂરી રે, એમાં એકે નથી અધુરી રે.
આત્મારામની વાણી મધુરી, રઘુપતિ રામ રૂદેમાં રહેજો રે.

લાલજીના મહિના

૪૪

લાલજી કારતક મહિને રથ જાદવરાયે જોતર્યો,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૧
લાલજી માગશર મહિને મેલી મથુરાં ગયાં,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૨

લાલજી પોષ મહિને પોપટ બેઠા પાંજરે,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૩

લાલજી મહા મહિને મારા હયામાં હોંશો ઘણી,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૪

લાલજી ફાગણ મહિનો પુલે ગુલાલે ઘેરીઓ,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૫

લાલજી ચૈતર મહિને ચતુર્ભુજ બોલાવીઆ,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૬

લાલજી વૈશાખ મહિને અબળાની આશા પૂરી કરો,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૭

લાલજી જેઠ મહિને જગજીવન ઘેર આવિયા,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૮

લાલજી અષાઢ મહિને વાયે હીંડોળે હીંચતાં,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૯

લાલજી શ્રાવણ મહિને શેરવણીએ બહુ વરશીઓ,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૧૦

લાલજી ભાદરવો પણ ભરે પૂરે બહુ ગાજીયો,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૧૧

લાલજી આસો માસે શરદ પૂનમની રાતડી,
હો લાલ વહેલા આવજો હો લાલ. ૧૨

નંદલાલના મહિના

૪૫

આવોને નંદલાલ રમવા આવોને રે,
રમવા સરિખી રાત મળી છે;
રમવાનો છે જોગ, રમવા આવોને રે.
મારા શામળિયા ભગવાન, રમવા આવોને રે.
ના'વો તો નંદજીની આણ ,, ,, ,,
નિરભે થયા છો નાથ, ,, ,, ,,

કારતક તો મેં કષ્ટે રે કાઢયો,
ભરદરીએ જેમ જહાજ—રમવા આવોને રે. ૧

માગશર મહિને મારગડે મેલી,
હવે અમારૂં કોણ છે બેલી;
ગિરધર વિના થઇ ઘેલી—રમવા આવોને રે. ૨

પોષ માસે જીવન પ્રાણ તજું છું;
લોકડિયાંની લાજ લોપું છું;
સંસાર ત્યાજ કરૂં છું—રમવા આવોને રે. ૩

મહા મહિને મંદિરીયાં રે સૂનાં,
હરિ વિના આસનીયાં રે સૂનાં;
પ્રભુ વિના કેમ રહેવાશે—રમવા આવોને રે. ૪

ફાગણ મહિને ફરહળતી રે હોળી,
છોકરાં ભરે ગુલાલની ઝોળી;
હરિ વિના કોણ ખેલે હોળી—રમવા આવોને રે. ૫

ચૈતરે ચતુર્ભુજ આવ્યા,
સૌ લોકનો સંદેશો રે લાવ્યા,
વહાલો મારો કંઇ ન લાવ્યા—રમવા આવોને રે. ૬

વૈશાખે વાવલીયા રે વાયા,
આંખ ઉઘાડીને ચોદશ જોયાં;
આંસુ પાલવડે લોયાં—રમવા આવોને રે. ૭

જેઠ માસે જગજીવન આવે,
સૌ લોકો સંદેશા રે લાવે;
વા'લો મારો કંઈ યે ન કહાવે—રમવા આવો રે. ૮

આષાઢે હું અબળા રે નારી,
જોબન દરિયે પૂર છે ભારી;
વા'લે મારે મેલ્યાં વિસારી—રમવા આવોને રે. ૯

શ્રાવણે સરવરીયા રે વરસે,
નદીયે નીર ઘણેરાં રે ભરશે;
વા'લો મારો કેમ ઉતરશે—રમવા આવોને રે. ૧૦

ભાદરવો ભર દરિયે રે ગાજે,
નીલાં વન નવ પલ્લવ રાજે;
વા'લો મારો લગીર ન લાજે—રમવા આવોને રે. ૧૧

આસો તે માસે આવી દિવાળી
લોક વણે છે સેવ સુંવાળી;
વા'લા વિના આ શી દિવાળી—રમવા આવોને રે. ૧૨

એક યુગલનું સ્વાર્પણ

૪૬

બારબાર વર્ષે માધાવાવ ગળાવી,
  તોયે ન નિસર્યાં નીર, મારા વ્હાલા.

તેડાવો જોશીને, જોશ જોવડાવો,
  જોશીડા જોવડાવો, મારા વ્હાલા.

જાણતલ જોશીએ એમ જ કીધું,
  દીકરો ને વહુ પધરાવો, મારા વ્હાલા.

ઘોડો ખેલાવતા હો વજમલ દીકરા,
  દાદાજી બોલાવે, મારા વ્હાલા.

શું રે કહો છો મારા સમરથ દાદા?
  શું રે પડયાં છે કામ? મારા વ્હાલા.

જાણતલ જોશીએ એમ જ કીધું,
  દીકરો ને વહુ પધરાવો, મારા વ્હાલા.

અમને શું પૂછો મારા સમરથ દાદા?
  પારકી જણીને પૂછી આવો, મારા વ્હાલા.

બેટડો ધરાવતાં હો વહુજી બાડેજી,
  સાસુજી બોલાવે, મારા વ્હાલા.

શું રે કહો છો મારાં સમરથ સાસુ?
  શું રે પડયું છે કામ? મારા વ્હાલા.

ભાઇ વાળંદીઆ વીરા વાળંદીઆ,
સંદેશો લઇ જાજે, મારા વ્હાલા.

મારી માતાને એટલું રે કહેજે,
ચુંદડીને મોડીઓ લઇ આવે, મારા વ્હાલા.

પહેલું પગથીયું જેમ જેમ ઉતર્યાં,
નજરે દેખાયાં નીર, મારા વ્હાલા.

બીજું પગથીયું જેમ જેમ ઉતર્યા,
નજરે દેખાયાં નીર, મારા વ્હાલા.

ત્રીજું પગથીયું જેમ જેમ ઉતર્યા,
કાંડાં સમાણાં નીર, મારા વ્હાલા.

ચોથું પગથીયું જેમ જેમ ઉતર્યા,
ગોઠણ સમાણાં નીર, મારા વ્હાલા.

પાંચમું પગથીયું જેમ જેમ ઉતર્યા,
કેડ સમાણાં નીર, મારા વ્હાલા.

છઠ્ઠે પગથીએ જેમ જેમ ઉતર્યા,
છાતી સમાણાં નીર, મારા વ્હાલા.

સાતમે પગથીએ જઇ પગ દીધો,
પુરવશ ચડીયા પ્રાણ. મારા વ્હાલા.

કુમાર વર્ષ–૧.

જસમાની ગરબી

૪૭

(રાગ–પુનમ ચાંદનીનો)

ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણી રે,
સાચો સબળો પેલો સોલંકી સિદ્ધરાજ;
જેની કીર્તિ વ્યાપી રહી આ જગમાં ઘણી રે. ૧
તેણે લોકો કાજે વાવ, કૂવા બંધાવીઆ રે,
મોટાં માનસરોવર દેવળ–ધર્મ વિશાળ;
પોષી સર્વ પ્રજાને શત્રુ સર્વ નમાવીઆ રે. ૨
તેણે પાટણ પાસે એક સરોવર આદર્યું રે,
ખોદે ખાડા ત્યાં તો માળવી ઓડણ અનેક;
નાંખે ઓડણો મટોડા માથે લઇ પળું રે. ૩
પાળે વડની ડાળે ઝુલે બાળક પારણે રે,
માટી લેતાં જસમા ઝુલાવે નીજ બાળ;
વળતાં મુખડું પેખી જાય કુંવરને વારણે રે. ૪
સાદે વેષે ફરતાં રાજાએ દેખી પરી રે,
જાતે રૂપાળી રંગીલી પરમ ચતુર;
પાસે જઇને રાજા કહે છે સુણ તું સુંદરી રે. ૫
'માટી સારવાને આ કોમળ કાયા કરી નથી રે,
પાળે બેસીને તું રીઝવ તારૂં બાળ;
બીજી ઓડણો છે કામ કરે તારી વતી રે.' ૬
જસમા કહે છે 'રાજા કામ કરી ખાવું ગમે રે,
મુજને બેસી રહેતાં વાધે અંગે રોગ;
મારા નવરા દહાડા બેઠે નવ નીઠે કદી રે.' ૭

'જસમા જંગલમાં વસવાને તું સરજી નથી રે,
મારા નગર તણો તું આવીને જો નોક;
પાટણપુરની શોભા હું તુજને શું કહું કથી રે'. ૮
'નગરે અંધારી શેરી ને ઉંચી મેડીઓ રે,
તેમાં માણુસ આડે ચાલ્યાનો નહીં માગ;
જાણે ઉનાળે ઉભરાતી દેખું કીડીઓ રે'. ૯
'જસમા માણુસ બહુ દેખીને શું ઘેલી બને રે,
તારા હલકા મનમાં ઉઠે હલકા ઘાટ;
ન કળે ખાખરની ખીસકોલી સાકરસ્વાદને રે'. ૧૦
'રાજા મેલાં મન માણુસનાં મેલાં શહેરનાં રે,
મેલી ગલીઓમાં બહુ મારે છે દુર્ગંધ;
મેલાં ઝેર તણાં જીવો તે જીવે ઝેરમાં રે'. ૧૧
'જસમા રાજાના દરબારો તેં દીઠા નથી રે,
તેમાં બાગ બગીચા ખીલે ફુલ ગુલાબ;
મોટા હોજ ફુવારા ઉડે આવે જોસથી રે'. ૧૨
'રાજા જંગલ આગળ બાગ બગીચા ધુળ છે રે,
જેવો સૂરજ આગળ તારાનો ચળકાટ;
મારા જંગલની મોજો તો મોંઘે મૂલ છે રે'. ૧૩
'જસમા જંગલની વાતો તું આજ વિસારજે રે,
મીઠાં નરઘાં ને સારંગી કેરા સૂર;
ગાયન સુણવાને કાજે તું મહેલ પધારજે રે'. ૧૪
'રાજા નવ રીઝું સારંગી કેરા સૂરથી રે,
મેના મોર બપૈયા ટેવ્યા છે મુજ કાન;
વાતો કોયલના ટૌકાથી તો કહેતી નથી રે'. ૧૫

' ઓડણુ આવો તો ઉતારૂં મેડી માળીએ રે,
રહેજો મિત્ર સહોદર સર્વ સંબંધી સાથ;
તમને પ્રિયજનો માનીને નિશદિન પાળશું રે'. ૧૬

' મારે ઓડણુને ઉતરવા જોઇએ ઝુંપડી રે,
મેડી માળે ચડતાં મુજને આવે ફેર;
પડતાં પગ ભાગે ને કાયા થઇ જાય કુબડી રે'. ૧૭

' ઓડણુ આવો તો પીરસાવું મેવા ચુરમાં રે,
ઝુલે હાથી ઘેડા ગુર્જરપતિને દ્વાર;
તેને દેખીને હરખાશો ઓડણુ ઉરમાં રે'. ૧૮

' મારે ઓડણુને તો વાળુ જોઇએ ઘેંસનાં રે,
રાજા ! શું છે મારે હય હાથીનું કામ;
દહીં ને દૂધ મઝેનાં ભારે ભૂરી ભેંસનાં રે. ૧૯

' ઓડણુ માગી લ્યો તે આછા શાળુ ઓઢણાં રે,
હીરા માણેક મોતી સોનાના ભંડાર;
આવી કંચન વરણી કાયા પર શોભે ઘણાં રે.' ૨૦

' છાયલ ટકશે આછાં શાળુ તો ફાટી જશે રે,
નાખું ધાસ ચણોઠી ગંઠી કંઠે હાર;
પહેરૂં ફુલ તણી માળા તો પરણ્યો રીઝશે રે.' ૨૧

' જસમા કહે તું મુજને કેવો છે તારો પતિ રે,
તારા જેવી સમજુ નારી જેને ઘેર;
એના જેવો સુખિયો આ જગમાં બીજો નથી રે.' ૨૨

' પેલો કેડ કસીને કામ કરે મારો પતિ રે,
જેના મોળીઆમાં બહેકે છે બહુ ફુલ;
જેના કોદાળીના ઘાથી ધરતી ધ્રુજતી રે.' ૨૩

'જોને કામ કરતાં એ ન્યાળે તારા ભણી રે,
એના મનમાં તારો પૂરો નહીં વિશ્વાસ;
તારી બુઝ ન જાણે જસમા એ તારો ધણી રે.' ૨૪

'રાજા સાચાને ભય લેશ નથી સંસારમાં રે,
મારા પતિને મારો સંપૂરણ વિશ્વાસ;
હું તો અન્ય જનોને ભાઇ ગણી રહું ભારમાં રે'. ૨૫

'જસમા રાણા ને રાજાને હું તાબે કરૂં રે,
મોટા મહારથી પણ ન આપે સામો બોલ;
તારા આગળ હું નવ અમલ ચલાવવા આદરૂં રે.' ૨૬

'રાજા કાયા ને માયા પર બળ નૃપનું વરર્યું રે,
પ્રભુએ જીવ ધર્યો છે જૂદો કાયામાંય;
ભારે ભૂપતણું પણ તે પર ન ચાલે કશું રે.' ૨૭

'જસમા દઢતા તારી દેખી વિસ્મય થાય છે રે,
આવાં દંપતિને પણ આખર હોય વિયોગ;
મીથ્યા આ જગના સુખ માટે મન મુઝાય છે રે. ૨૮

'રાજા કોઇ ન જાણે કાલે મારૂં શું થશે રે,
એવી અલ્પ જીંદગી માણે આ સહુ લોક;
રૂડી રહેણી સુખ પરલોકે પૂરણ આપશે રે'. ૨૯

'એવું કહીને જસમા ટોપલી લઈ પાછી ફરી રે,
રાયે લીધો વળતી પાટણ કેરો પંથ;
થઈ છે જસમાના પતિવૃતની જેને ખાતરી રે. ૩૦

મહાકાળીનો ગરબો

૪૮

મા તું પાવાની પટરાણી કે, કાળી કાળકા રે લોલ.
મા તારે ડુંગરડે ચડવું તે, અતિ ઘણું દોહેલું રે લોલ.
મા તારી પ્રદક્ષિણા કરવી કે, વરણુન શું કરૂં રે લોલ.
વિશ્વાસે તપ કરવા બેઠા કે, કેવળ મુનિ થયા રે લોલ.
આવું રૂડું ચૌટું ચાંપાનેર કે, ચૌટે ચૌદ મળ્યા રે લોલ.
ત્યાં કાંઈ ગતાતા ગરબા કે, માજી આવિયાં રે લોલ.
રાયે છેડલો સાહ્યો હાથ કે, માજી પ્રસન્ન થયાં રે લોલ.
માગ્ય માગ્ય ઘોડાની ઘોડાર કે, હાથી ઝુલતા રે લોલ.
માગ્ય માગ્ય કુટુમ્બ કુશળ ક્ષેમ કે, જંજાળ અતિ ઘણી રે લોલ.
માગ્ય માગ્ય ગુજરાત સરખી ગાદી કે, ભદર બેસણું રે લોલ.
માગ્ય માગ્ય નવે ખંડના રાજ્ય કે, ચાંદો સૂર્ય તપે રે લોલ.
માગું માગું એટલું વરદાન કે, મારે મહોલે પધારીએ રે લોલ.
ફટ ફટ પાવાના રાજન કે, એ શું માગીયું રે લોલ.
આજથી છટ્ઠે ને છ માસ કે, મૂળ તારૂં જશે રે લોલ.
એમ કહી માતા થયાં અલોપ કે, પાવે હાથ ઘસ્યા રે લોલ.

જળ ભરવાને ચાલો રે !

૪૯

ગરબી

જળ ભરવાને ચાલો રે, મિઠલડાં જળ ભરવા,
ખીલ્યું યૌવન મ્હાલો રે, મધુરાં જળ ભરવા;
આજ અમુલખ લ્હાવો રે, મિઠલડાં જળ ભરવા,
ચાલો બ્હેનીઓ ! ચાલો રે, મધુરાં જળ ભરવાઃ
તરશે તરફડતાં મરે, બ્હેનો-ભાઇ અનેક,
પાવું અમૃત તેમને, એજ ધરો મન ટેક.

ધાન્ય લવણુને ચાલો રે, મિઠાં ધાન્ય જ લણુવા,
લીલાં ક્ષેત્રોમાં મ્હાલો રે, ખીલ્યાં ધાન્યનાં કણુ જ્યાં;
લ્યોને અનુપમ લ્હાવો રે, મધુર યૌવનભરમાં,
ચાલો સજનિઓ ! ચાલો રે, મિઠાં ધાન્ય જ લણુવા.
ભૂખ્યાં, ત્રાસતપ્યાં, દીસે મનુ બાલક ચોપાસ,
પ્રભુની થાળ દઈ કરો, તૃપ્ત તેમને ખાસ.

ફુલ વીણુવાને ચાલો રે, મધુર પુલડાં વીણુવા,
મીઠું યૌવન મ્હાલો રે, રુડેરાં ફુલ વીણુવા;
આજ આનંદ દહાડો રે, રસીલાં ફુલ વીણુવા,
ચાલો સાહેલી ! ચાલો રે, રૂડાં ફુલડાં વીણુવા;
દુઃખ, ક્લેશ, ચિન્તાભર્યું જગ રડતું લાચાર,
કરો શાન્ત, આશાભર્યા પુષ્પ તણુા ધરી હાર.

રસ સિંચવાને ચાલો રે, મધુરો રસ સિંચવા,
યૌવનવન મ્હાલો રે, અમર ફાલ્યાં ફળ જ્યાં;

ગાનઝરણું ઝરાવો રે, લતાકુંજે લચતાં,
ચાલો સજનિઓ! ચાલો રે, મિઠલડા રસ સિંચવા;
સૂકી રસહીન બની રહી, હૃદયવાડી દેખાય,
વર્ષાવો અમિધાર ત્યાં, પ્રફુલ્લ રમણીય થાય.

ગીત ઝીલવાને ચાલો રે. મધુરાં ગીત ઝીલવા,
આજ યૌવન મ્હાલો રે, પતિપ્રભુના ગીતમાં;
રમી રાસ લ્યો લ્હાવો રે, પ્રીતિભક્તિ ઉરમાં,
ચાલો બ્હેનીઓ! ચાલો રે, મધુરાં ગીત ઝીલવા:
નન્દન સુન્દર નન્દનો, વાયે રસીલી વેણુ,
અંતર ઝીલી અમૃત ભર્યાં રેલાવો પ્રભુ કહેણુ.

જળ ભરવાને ચાલો રે, મિઠલડાં જળ ભરવા,
લીલું યૌવન મ્હાલો રે, રસીલાં અમી ભરવા;
લ્યોને આનંદ લ્હાવો રે, રુડેરાં અમી ભરવા,
ચાલો સાહેલી! ચાલો રે, મધુરાં જળ ભરવા.

રામમોહનરાય

હુંડી

૫૦

મારે શામળીઆ સરખો સરદાર રે, સમર્થ ગિરધારી,
ધણી ધાર્યો દ્વારકાનો નાથ રે, સમર્થ ગિરધારી;
મારે કોઇ નથી પરવાર રે, સમર્થ ગિરધારી,
હુંડી દેજો દ્વારકાના નાથ રે, સમર્થ ગિરધારી.

જૂનાગઢમાં જોઇ વળ્યા, કાંઈ ન દીઠા મારા નાથ,
હેતે હુંડી શીકારજો, દેજો દેજો દ્રુવારકાના નાથ રે, સમ૦

સુદામાનાં દ્રારિદ્ર કાપીઆં, આવ્યા જ્યારે તમ દ્વાર,
બે મુઠી તાંદુલ આરોગિયા, ત્યારે લક્ષ્મીએ ઝાલ્યા હાથ રે,
સમ૦

ગાંગેવ કેરે કારણે, ચક્ર ધાર્યું મહારાજ,
સુધન્વાને રાખીઓ, તમે તેલ કડાથી તતકાલ રે, સમ૦
જગન કરે ત્યાં જાઓ નહીં, અને વેચાયા મટુકી માંહ્ય
એવા દયાળુ છો તમે, અન્ન એંઠાં આહીરનાં ખાવ રે, સમ૦
કુંવરબાઇનાં માંમેરાં પુરિયાં, રાખી સભામાં લાજ,
ગાંસડે ગાંસડે કાપડ લાવિયા, તમે સંતોષી નાગરી નાત રે, સમ૦
કુંવરબાઇની જેઠાણીએ, ન્હાવા મેલ્યાં ઉનાં નીર,
વિઠ્ઠલ વરસાદ વરસાવીઓ, કરી કૃપા બળભદ્રવીર રે, સમ૦
જૂનાગઢના શહેરમાં, સાડા સાતસેં નાગરની નાત,
નાતનું નથી નોંતરૂં, મને નાતે દીધો તિરસ્કાર રે, સમ૦
નહીં બ્રાહ્મણ નહીં વાણીઆ, નહીં શેઠ ને શાહુકાર,
હું છું દાસ તમારો, નાગર બ્રાહ્મણ કંગાલ રે, સમ૦
સોનાં રૂપાં નજરે ન દીઠાં, ન દીઠા મોતીના હાર,
તુલસીની માળા પ્હેરી હું ફરૂં, મારા ઘરમાં નથી વાળીવાલ રે,
સમ૦

બેટી બેટો વળાવીઆં, વળી વળાવી ઘરની નાર,
એક હતું જૂનાગઢનું ઝુંપડું, તે તો ઉડાડી દીધું તતકાલ રે,
સમ૦

સોડા સાતસેં રૂપિયા રોકડા, લાવ્યો મારો નાથ,
ગોમતીજીને કાંઠડે, હુંડી આપે દ્વારકાનો નાથ રે, સમર૦
નરસી મહેતાની વિનતિ, તમે સાંભળો મારા નાથ,
કર જોડી તમને કહું, હવે હસીને ઝાલો મારો હાથ રે, સમર૦

બંસીની ધૂન

૫૧

(રાગ–' ઝીણી મોર ટહૂકે છે લીલી નાઘેરમાં.')

કહાન ભાન ભૂલવે જો બંસીની ધૂનમાં !
બંસીની ધૂનમાં, ખેલે રસ તાનમાં, કહાન.
ડોલી રહ્યો કહાન, બંસીની ધૂનમાં,
થંભ્યાં કાલિન્દીનાં નિર રાજ, કહાન.
ફરકે કુન્તલ શ્યામ, બંસીની ધૂનમાં,
નયને જાદૂના પ્રકાશ રાજ, કહાન.
સોહી રહ્યો શ્યામ, બંસીની ધૂનમાં,
છેડી રહ્યો મીઠા સુર રાજ, કહાન.
વ્રજનાર ઘેલી બની, બંસીની ધૂનમાં,
અવળાં ભૂષણ સજી ધાય રાજ, કહાન.
પ્રેમદીપક જગે, બંસીની ધૂનમાં,
ભવનાં બંધન છુટી જાય રાજ, કહાન.

(ગુણસુંદરી વર્ષ ૬.) સૌ. દીપકબા દેસાઈ.

તળાવડી

પર

(ઢાળ : સરોવર પાણીડાં ગઇ'તી, સાહેલડી !)

ઓબા સમોવડી ભરી તળાવડીમાં
  નાની શી નાવડી ઝૂલતી જી રે;
એમાં એકલડી હીંચું, સાહેલડી !
  આનંદ ઘેલડી હું ફૂલતી જી રે.
અમીરસ પાણીડાં વાંખાળી પાવડી
  વીઝું ત્યાં આભને વીંછળે જી રે;
ભીંજે સૂરજ ને ભીંજે ચાંદલિયો,
  નવલખ તારલા નીતરે જી રે.
ત્રપકતી ત્રપ ત્રપ સોનેરી વાદળી
  ફરે ગગનમાં ફૂદડી જી રે;
રસબસ હૈયાં ભીંજે રસીલાં,
  ભીંજે મારી નવરંગ ચૂંદડી જી રે.
પાણીડાં હલકે ને છલકે તળાવડી,
  આખા જગતમાં રેલતી જી રે;
જ્યાં જ્યાં રેલે ત્યાં ભરતી આનંદની,
  દુઃખડાં દૂર કરી મેલતી જી રે.
આવો, આવો, સૌ આવો, સાહેલડી !
  નિર્મળ જળ પર ઝીલવા જી રે;
નિત નિત નોતમ ખીલતી સુંદર,
  કુસુમકળી સમ ખીલવા જી રે.

ત્રિભુવન ગ. વ્યાસ.

વર્ષાનો રાસ

૫૩

(ઢાળ : ખમ્મા ! વીરાને જાઉં વારણે રે લોલ.)

વર્ષા તો સાત સાત બ્હેનડી રે લોલ;
  સાતે તે બ્હેનીઓ અપાર જો: વર્ષા૦
વર્ષાની એક બ્હેન વાદળી રે લોલ;
  વાદળી એ જગત જલધાર જો: વર્ષા૦
વર્ષાની એક બ્હેન વીજળી રે લોલ;
  વીજળી એ પ્રાણતેજતાર જો: વર્ષા૦
વર્ષાની એક બ્હેન ચાંદની રે લોલ;
  ચાંદનીએ ચંદ્રકિરણહાર જો: વર્ષા૦
વર્ષાની એક બ્હેન વેલડી રે લોલ;
  વેલડીએ ફૂલમધુભાર જો: વર્ષા૦
વર્ષાની એક બ્હેન ઢેલડી રે લોલ;
  ઢેલડીએ પ્રેમવ્રતવિહાર જો: વર્ષા૦
વર્ષાની એક બ્હેન રૂકિમણી રે લોલ;
  રૂકિમણી તે રૂપનો અંબાર જો: વર્ષા૦

દેશળજી પરમાર

શરદનો રાસ

૫૪

(ઢાળ—હાંરે સખિ ! દીઠો ડોલરિયો
કાલંદરીને કાંઠે ઉભો રે એ–ગીતનો લય)

હાં રે સખિ ! મીઠી મધુરી જો ચંદા,
કે આભ કેરે કાંઠડે ઉગે છે !
હાં રે રાસ રમવાને તારક–વૃન્દા
કે દૈવી જયોતે ઝગે છે !
દેવ–બાલિકા સમી એ આભ–ખોળે લાડતી;
હાં રે એ તો સખીઓ શું સરે મન્દમન્દાઃ
હો ! ચન્દા જો ! આભ કેરે કાંઠડે ઉગે છે !
કોટિ કોટિ અમીધાર ગગનેથી નીતરે;
હાં રે આજ સૌમ્ય બની પૃથિવી નવ–ખણ્ડાઃ
હો ! ચન્દા જો ! આભ કેરે કાંઠડે ઉગે છે !
પ્રાણને ઉંડાણુ એ ઝબકે અનેરી;
હાં રે એણે જગને ઓઢાડી તેજકન્થાઃ
હો ! ચન્દા જો ! આભ કેરે કાંઠડે ઉગે છે !
ભર્યુ ભર્યું મુખ એનું આંખને ભરી દે;
હાં રે એ તો જીવન ભરી દે સુખ–કન્દાઃ
હો ! ચન્દા જો ! આભ કેરે કાંઠડે ઉગે છે !
વિશ્વ–વાંસળીમાં આજ પ્રેમ–સૂર વાગે;
હાં રે એના હૈયે પડે પડછન્દાઃ
હો ! ચન્દા જો ! આભ કેરે કાંઠડે ઉગે છે !

ઉરમાં અભિલાષ હો ! કુંણી કુંણી જાગે;
હાં રે ઉડે રસછોળ આજ સ્વચ્છન્દા !
હો ! ચન્દા જો ! આભ કેરે કાંઠડે ઉગે છે !

(પ્રસ્થાન વર્ષ ૧૯૮૨) સ્નેહરશ્મિ

કોયલડી

૫૫

(શે'રનો સુબો ક્યારે આવશે રે—એ ઢાળ)

વાગે વધાઇ વસન્તની રે,
ફૂલડે ઉડે એની ફોર રે કોયલ બ્હેની !
એક ' કૂહૂ ' કર આજનું રે—(ટેક)
મ્હોરી લતા કંઇ માંડવે રે,
મીઠો આંબલીઆનો મ્હોર રે કોયલ બ્હેની ! એક૦
વન–વન વેણુ વિહંગનાં રે,
ઘર–ઘર ગાજતાં ગાન રે કોયલ બ્હેની ! એક૦
સૂનાં લાગે સહુ એ સખિ ! રે,
પંચમવિણ નહિ પ્રાણ રે કોયલ બ્હેની ! એક૦
આજ કળી ઉઘડી રહે રે,
સંતાડયા છેડજે સૂર રે કોયલ બ્હેની ! એક૦
આજ રહે કયમ રૂસણું રે ?
આજ થવાં શાં ઉદાસ રે કોયલ બ્હેની ! એક૦
ઉભી સખી આવી આંગણે રે,
પ્રેમનો કરજે પ્રકાશ રે કોયલ બ્હેની ! એક૦

કાલ્ય વસન્ત વહી જશે રે,
આભમાં ઉડશે આગ રે કોયલ બ્હેની! એક૦

આવશે મેઘ અષાઢનો રે,
વીજળી પામશે વાજ રે કોયલ બ્હેની! એક૦

દાદુરનાદ ડરાવશે રે,
ઝિલ્લી તણા ઝણુકાર રે કોયલ બ્હેની! એક૦

માન ત્યારે મન રાખજે રે,
અવર તણે અધિકાર રે કોયલ બ્હેની! એક૦

આજ રાણી તું તો રાગની રે,
સૌરભનો શણુગાર રે કોયલ બ્હેની! એક૦

વેદઋચા તું વસન્તની રે,
ધીમી સુધા કેરી ધાર રે કોયલ બ્હેની!
એક 'કૂહૂ' કર આજનું રે.

બોટાદકર.

ચંદ્ર અને ધરણી

૫૬

(રાગ દેશ)

ઉગ્યો સખી સૃષ્ટિનો શણુગાર હાર,
ચાલો ચાલો જોવાને ચંદ્રમા;
જોને પ્રેમઘેલી ભુમિનો દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં;
હાં રે ડોલે સૃષ્ટિ આનંદમાં.

(સાખી)

ધન્ય ધરા-સુંદરી તને, ચતુર ચંદ્ર તું જ કાન્ત,
શાન્તિ પાઠ પઢાવતો, સાધીને એકાન્ત
ધરણી પડી પતિને પાય, શિક્ષા શિરે ધરે રે,
ગુણિયલ ગોરી પતિગુણ ગાય, શાન્ત ચિતે સ્મરે રે;
ધરોને બ્હેની ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસારસુધારસ પાન.

(સાખી)

ચંદ્રસુખે ચીડાઈને તારાનાં મુખ શ્યામ,
સદ્ગુણીનું સુખ ભાળીને રમે દુષ્ટના રામ.
સખી જેને પતિનું માન,
તેનાં ગાંધર્વ ગાયે ગાન;
પામે દેવી સમાન સન્માન,
રમે રમા રસિક લઇ તાન. ધરણી પડી૦

(સાખી)

ધરણી-નાર સમ ગૃહિણીઓ સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્રસમ પતિ મળે જય જય ત્યાં ઉચરાય. ધરણી૦

સેવાનાં સન્ત

૫૭

સેવાનાં સન્ત થઇ રહીએ સાહેલડી !
સેવાનાં સન્ત થઈ રહીએ.

સર્વે સંસારની સાથમાં વસીને,
સહુને સહાયકારી થઈએ—સાહેલડી !
આડોશી પાડોશી કુટુમ્બ કબીલે,
રહેમી નજરથી હો ! જોઈએ—સાહેલડી !
સંસારે રૂઢિનો સડો જે પડયો છે,
તોડી ભાંડુને સુખ દઇએ—સાહેલડી !
દુ:ખિયાનાં દુ:ખ સહુ ટાળવાને માટે,
ઘર ઘર જઇ જ્ઞાન દઇએ—સાહેલડી !
સેવાસુધારસ સ્વર્ગિય પ્યાલી,
નિત્યે ભરી ભરી લઇએ—સાહેલડી !
સેવાનાં સન્ત થઈ રહીએ સાહેલડી !
સેવાનાં સન્ત થઇ રહીએ.

રાસમન્દિર રાયચુરા

વાદળી ઘૂમે છે

૫૮

વીજ ચમકે મેહુલીઓ ગાજે છે.
કરે મોર મીઠા ટહુકાર
વાદળી ઘૂમે છે.
નેણુ ચમકે હેતલડાં ગાજે છે
કરે હૈયા મીઠા ટહુકાર—વાદળી૦

દિવસ ચમકે રાતલડી ગાજે છે
એમાં મીઠા જીવન ટહુકાર—વાદળી૦

બ્રહ્મ ચમકે ને બ્રહ્માંડ ગાજે છે
કરે આત્મા ઉંડા ટહુકાર—વાદળી૦

નવાં ગીતો. ત્રિભુવન વ્યાસ.

બ્રહ્મનાદ ગાજે

૫૯

અહો ! બ્રહ્મનાદ ગાજે, શો બ્રહ્મનાદ ગાજે;
રૂડો રાસ રચ્યો આજે બ્રહ્માંડમાં,
અનેક રૂપે રાચીએ અનંત કોટી અંડમાં—શો બ્રહ્મનાદ૦

બીજરૂપે રહી વૃક્ષમાં, પીએ ભૂમિરસ સાર;
ભૂતળ હળે ઉંડા જળે, પણ વસીએ નિરધાર.
દેહભૂતમાંહી દેવરૂપે મનાઇએ,
તેજમાંહી તત્ત્વ બની તેજમાં સમાઇએ;
શૂન્યમાંહી શબ્દે છવાઇએ—શો બ્રહ્મનાદ૦

સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, સ્થળ એવું નહિ કોઈ;
કરીએ ક્રીડા નવ અમે, અણુમાં પણ અણુ હોય.
અનેકરૂપે રાચીએ અનંત કોટી અંડમાં—શો બ્રહ્મનાદ૦

કવિ ચિત્રકાર ફુલચંદભાઈ.

મ્હેમાનોને પ્રાર્થના.

૬૦

(ઢાળ: ઓધવજી ! સંદેશો કહેજો શ્યામને.)

મ્હેમાનો ઓ વ્હાલાં ? પુનઃ પધારજો !
તમ ચરણે અમ સદન સદૈવ સુહાય જો.
કરજો માફ હજારો પામર પાપ, જે
દિનચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો. મ્હેમાનો૦

ઉન્નત ગિરિશૃંગોનાં વસનારાં ત્હમે,
ઉતર્યા રંક ઘરે, શો પુણ્ય પ્રભાવજો !
શુશ્રુષા સારી ના અમને આવડી,
લેશ ન લીધો લલિત ઉરોનો લ્હાવ જો. મ્હેમાનો૦

મણિશંકર ર. ભટ્ટ.

બાલ સાહિત્ય માળા

૧. તારામંડળ — કાચું ૦-૬-૦
પાકું ૦-૯-૦

૨. કુમાર વીરસેન (બીજી આવૃત્તિ) ૦-૬-૦

૩. ચાર બાલસંવાદો ૦-૩-૦

૪. બાલમિત્રની વાતો ભાગ ૧ — કાચું ૦-૯-૦
પાકું ૦-૧૨-૦

૫. બાલકાવ્યો ભાગ ૧ — ૦-૩-૦

૬. સિંદબાદ શેઠ — કાચું ૦-૭-૦
પાકું ૦-૧૦-૦

૭. બાલમિત્રની વાતો ભાગ ૨ — કાચું ૦-૯-૦
પાકું ૦-૧૨-૦

૮. નળ-દમયંતી ૦-૩-૦

એક આના બાલસાહિત્યમાળા

૧. અંગુઠિયાભાઇ (બીજી આવૃત્તિ)

૨. કમળા અને બુલબુલ

૩. વીરકથાઓ ભાગ ૧ લો

૪. રામો

૫. રંગની પેટી (બીજી આવૃત્તિ)

૬. કા'નો ભરવાડ (બીજી આવૃત્તિ)

લખો: (૧) વ્યવસ્થાપક: 'બાલમિત્ર' ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ (૨) મન્ત્રી: પુસ્તકાલય સ. સ. મંડળ લિમિટેડ વડોદરા.